
અસ-સહીફતુલ અલવીયહ

الصحيفة العلوية



૧૪૮૯ ૧૪૦૯

'ઈશાઅતે અદબીયાતે અલવી'
'અંજુમને તન્કીમ'
સિલ સિલો નં. ૧

ફક્ત અલવી જમાઅત વાસ્તે

પહેલી તબાઅત (આવૃત્તિ) : ૧૯૫૭

બીજી તબાઅત (આવૃત્તિ) : ૧૯૭૪

તરતીબ આપનાર :

હાજી અબ્દુલહુસેન એચ. અત્તરવાલા

ત્રીજી સુધારેલી તબાઅત (આવૃત્તિ) : ૧૯૮૯
હી./૧૪૦૯

તરતીબ આપનાર :

મામુનુદ્દાવત શૈયદી હાતિમ ઝકીયુદ્દીન સાહબ
(દા.ઝી.)

નશર કરનાર :

અંજુમને તન્ઝીમ–''ઇશાઅતે અદબીય્યને અલવી''

નકલ : ૫૦૦૦

સહીફો હાંસીલ કરવાની જગા :

કુ બ્રધર્સ અત્તરવાલા
વાડી, ચોખંડી, વડોદરા–૧૭.

કુ બ્રધર્સ અત્તરવાલા
૯૦, પાકમોડીયા સ્ટ્રીટ, મુંબઈ–૩.

છાપનાર : ''ટેકનોપ્રિન્ટ''
કાટવાલા એસ્ટેટ, સરસીયા તલાવ રોડ, વડોદરા–૬.

❊ મકામે કુરઆન ❊

(આ અખ્યાત સૌ. વ. મૌ. ફખરૂદ્દીન સાહેબે (ક.રૂ.) તસ્નીફ ફરમાવી હતી હી. ૧૩૨૫)

નમાઝ સુબ્હ પઢીને કુરઆનને પઢજો,
પછી રિઝકના તલબ કરવામાં કદમ ભરજો.

કુરઆં પઢીને જે કોઈ દુકાનને ખોલે,
ખુદા તે લોગોની રિઝકના દરવાઝા ખોલે.

કુરઆન પઢવાથી આસાન મુશ્કિલો થાસે,
કુરઆન પઢશે તે જ-નતની નેઅમતો ખાસે.

કુરઆન પઢવું તે છે વાત કરવું અલ્લાહથી,
હરએક હરફમાં છે રેહમત ઉતરવું અલ્લાહથી

ઘણાં સવાબ મિલે છે કુરઆન પઢવામાં,
દરાઝી ઉમ્રની છે એના યાદ કરવામાં.

કુરઆન પઢવાથી રહમત ખુદાની નાઝિલ થાય,
કુરઆન ભુલે તે હકના ગઝબમાં દાખિલ થાય.

કુરઆન પઢનારા આઝાદ છે જહન્નમથી,
ખુલાસી આપસે કુરઆં મુસીબતો ગમથી.

કુરઆંથી થાય છે ઇન્સાંની હાજતો પુરી,
કુરઆન પઢવું બનાવે છે નારી ને નુરી.

કુરઆન પઢશે તો આબાદ એના ઘર થાસે,
હસન હુસૈનના સાથે તેનો હશર થાશે.

કૌલે મઅરૂફ

(બિસ્મિલ્લા હિર્રહમા નિર્રહીમ)

અલ્હમ્દો લિલ્લાહે રબ્બિલ આલમીન. નહમદોહુ વ નોસલ્લી અલા મોહંમદિંવ વ અહલે મયતેહિત તાહેરીન, વલ અઇમ્મતિલ મઅસુમીનલ અમ્જદીન, વદ દોઆતિર રાશેદીન.

અલ્લાહ તઆલા વહદહુ લા શરીકનો લાખ લાખ શુક્ર અને ફઝલો કરમ છે, દાઇયુલ્લાહિલ અમીન, હિજ્બો અમીરિલ મુમેનીન, સુલ્લમુન નજાતે લિલ મુરતકીન સૈયદના અબુ હાતિમ તૈયબ ઝિયાઉદ્દીન સાહબ (ત.ઉ.શ.) નું એહસાન છે કે આપે ઈનાયત ફરમાવી "અસ-સહીફતુલ અલવીય્યાહ"ની તીસરી તબાઅત, તસહીહ અને જરૂરી હિદાયત સાથે શાએઅ કરવાની રઝા ફઝલ કીધી. અને આપની દોઆઓની બરકતથી આ નેક કામ અંજામ પર પહોંચ્યું.

અલ્લાહના અઝીમુશ શાન કિતાબ, કુરઆને મજીદની ઝબાન અરબી છે. ખુદ અલ્લાહ તઆલાએ રસુલુલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) પર જીબ્રઇલ અમીનના ઝરીઆથી અરબી ઝબાનમાં વહય મોકલી. રસુલુલ્લાહની માદરી ઝબાન અરબી છે. અલ્લાહ તઆલા કુરઆને કરીમમાં ફરમાવે છે કે "વમા અરસલ્ના મિન રસુલિન ઇલ્લા બે લેસાને કૌમેહી." (માઅના : હમે જે વક્ત પણ કોઈ પૈગમ્બર (નબી)ને મોકલા તો ફક્ત તે કૌમની

ઝબાનમાં જ વાતચીત કરનાર) રસુલુલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની ઇલાહી દઅવત એજ ફાતેમી અઇમ્મતિત તાહેરીન અને દોઆતુલ અકરમીનની દઅવત છે. અલ્લાહના કિતાબની અને રસુલુલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની ઝબાન એજ હકની દઅવતની ઝબાન છે. આથી સાબિત થયું કે હકની દઅવતની ઝબાન એ દઅવતને કુબુલ કરનાર હકીકી મુમેનીનની ઝબાન છે.... અને તે અરબી ઝબાન જ છે. તેથી અરબી ઝબાનની તઅલીમ લેવી અને અલ્લાહના અને તેના રસુલના કલેમાતને સહીહ અને સાચા માઅનામાં સમજવા હર મુમિન મરદો-ઔરો પર સાબિત અને લાઝિમ છે.

હાલનો દૌર દુન્યવી તઅલીમ નો દાર છે. દીની-તઅલીમ - મદ્રસાનાં દરસ તરફ વાલેદૈન તવજ્જહ આપતા નથી. દીની તઅલીમ મુમિનની ઝિન્દગીમાં કઈ હૈસીય્યતથી એહમિય્યત રાખે છે અને તેને સાથે મુમિનને તેની હર ઈબાદત અને દિની મઆમલાતમાં કેવો રિશ્તો-નાતો હોવો જોઇએ તેનું ઇલ્મ હોવાને બાવુજુદ આ હકીકત આજના ઝમાનામાં નઝર અંદાઝ કરી દેવામાં આવી છે. મદ્રસામાં જે મિકદારથી બચ્ચાઓની હાઝરી હોવી જોઇએ અને દુન્યવી તઅલીમ મુજબ દીની તઅલીમમાં રગબત અને તૈયારી હોવી જોઇએ તે નઝર આવતી નથી. વાલેદૈન બચ્ચાઓ વાસ્તે ઉસ્તાદોનું ખાનગી ટ્યુશન પોતાના મુનાસિબ વકત પર પોતાના ઘરમાં રાખે છે તેથી બચ્ચું

કલામુલ્લાહ તો પઢી લે છે, પણ ઉર્દુ ઝબાન-દઅવતની ઝબાનમાં સહીફા અને મઅલુમાતની કિતાબો છે તેની દોઆઓ અને બયાન પઢવાની તઅલીમ, લખવાની મશક અને ઈમામો દોઆતની મઅલુમાત જે મદ્રસામાં હાંસિલ થાય છે. તેનાથી મહેરૂમ રહી જાય છે,

આથી વતનમાં મોહલ્લાથી દુર અને બીજા કરીયાઓમાં મુમેનીન આબાદ છે, અને જેઓ એક યા બીજા સબબથી મસ્જીદમાં જમાઅતની નમાઝમાં શરીક થઈ સકતા નથી અને બચ્ચાઓને મદ્રસામાં મોકલી સકતા નથી તેઓમાં આ કમી મહસૂસ થાય છે. આ દુર કરવા હુજુરેઆલીના ફરમાનથી આ સાલ રાતનો મદ્રસો શુરૂ કરવામાં આવ્યો પણ જે મુજબ જવાન દીકરાઓ –દીકરીઓએ જોશથી ફેઝ લેવા જોઇએ તે લીધો નહિં, અને નતીજતન અફસોસ બાદ મન્સૂખ કરવામાં આવ્યો.

સન ૧૯૫૭માં આ ઝરૂરીયાતને મદદે નઝર રાખીને સૈયદના વ મૌલાનલ મુકદ્દસ યુસુફ નુરૂદ્દીન સાહબ (ક.રૂ.) ના ફરમાનો રઝાથી મરહુમ હાજી અબ્દુલ હુસેન અત્તરવાલાએ, સિરાજુદ્દાવત શેઠ સુલતાનઅલી ઝેનિથવાલા અને મોઈનુદ્દાવત શેઠ મહંમદ હુસેન ઝેનિથવાલાનો માલી તઆવુન હાંસિલ કરી એક મુકમ્મલ તફસીરવાર 'સહીફતુસ્સલાત' તરતીબ કીધો અને 'અસ સહીફતુલ અલવીય્યાહ' નામ આપું. અલ્લાહ તઆલા મરહુમ હાજી અબ્દુલ હુસેન અત્તરવાલા અને સિરાજુદ્દાવત શેઠ સુલતાન અલી ઝેનિથવાલાને ગરીકે રેહમત કરે, જેઓની બેહદ કોશિશ અને જદો જેહદથી આ સહિફો તૈયાર

થયો હતો અને જહાં તક આ સહિફો મુમેનીન પઢશે તેઓની યાદ હંમેશા તાઝા રહેશે.

અરબી ઝબાનની અજમી ઝબાન પર પહેલી થી ફઝીલત રહેલી છે. કોઈ પણ અજમી ઝબાન (ગુજરાતી, હિંદી વગયરહ) અરબી ઝબાનના કમાલીય્યતને મુકાબિલ આવી શકસે નહીં. તેથી અરબી ઝબાનમાંથી ગુજરાતી ઝબાનમાં અને ગુજરાતી ઝબાનમાંથી અરબી ઝબાનમાં તરજુમો કરવો મશક્કત અને એહતેયાતનું કામ છે. અરબી ઝબાનનાં મખારિજ ઉર્દુ અને ફારસી ઝબાન સિવાય કોઈ ઝબાન ફરાહમ કરી શકતી નથી. ખાસ કરીને 'મોટો હે, ઐન, બડા કાફ, ઝે, ઝાલ, સ્વાદ, તોય અને ગૈન જેવા અરબી મખારિજોની ગુજરાતી ઝબાનમાં કોઈ જોડ નથી. તેથી ઝે, ઝાલ, ઝવાદ અને ઝોય ને વાસ્તે ફકત 'ઝ' ઈસ્તેઅમાલ માં આવે છે અને સે, સ્વાદ અને સીનને વાસ્તે ફકત 'સ' ઈસ્તેઅમાલમાં આવે છે. દા.ત. ઝકરીય્યા માં 'ઝે', ઝલીલમાં 'ઝાલ', રમઝાનમાં 'ઝવાદ' અને ઝોહર માં 'ઝોય'.... 'ઝ' થીજ કિફાયત થાય છે; તેજ મુજબ કૌસર માં 'સે', નસ માં 'સ્વાદ' અને જીસ્મમાં 'સીન'.... ફકત 'સ' નોજ ઈસ્તેઅમાલ કરવો પડે છે; લફઝ હવ્વાઅ માં 'મોટો હે' અને હવાઅ માં 'નાનો હે' ની પણ આજ કેફીય્યત છે. અલબત્ત તહવાર વાસ્તે 'તે' અને ટલ્લાક વાસ્તે 'તોય'ની જગા પર 'ટ' ઈસ્તેઅમાલ થવો જોઇએ, પણ પઢનારને 'તોંય' ની જગા પર 'ટ' અને 'ઝવાદ' ની જગા પર 'ડ' પઢવો ભારી અને બેજા લાગે છે. હાંસિલે કલામ

ગુજરાતી સહીફો બનાવનાર અને તરતીબ આપનાર ઉલઝન અને પરેશાનીમાં મૂકાઈ જાય છે કે કયા મખારિજ વાસ્તે શું ઇસ્તેઅમાલ કરવું, જેના સબબ અરબી દોઆઓમાં મખારિજની અસ્લીય્યત ગુજરાતી ઝબાનથી ઝાઈલ થઈ જાય છે.

આ સુરતે હાલ અને ફકાવટો હોવાને બાવજુદ ગુજરાતીમાં સહીફો તરતીબ અપાયો તે એક ફખ્રની વાત છે અને તેને સાથે ભૂલો-ખતાઓ રહી જાય એ પણ એક હકીકત છે. જેનો ઇન્કાર ન થઈ શકે. પહેલી તબાઅતમાં જે ખતાઓ-ગલતીઓ હતી તે બીજી પ્રિન્ટિંગ માં કંઈક હદ તક સુધારવામાં આવી હતી. તીસરી વકત આ સહીફાની તસ્હીહનું કામ ભાઈ નુરૂદ્દીન એચ. અત્તરવાલા જેઓ મારા હમદર્દ છે, અને દીની તઅલીમમાં પોતાનાં બાવાજીની મિસ્લ ઝીકો શૌક રાખે છે -તેઓએ મને સિપુર્દ કીધું અને મેં બયાનો તેમજ દોઆઓની તરતીબ ઉસ્તવાર કીધી. આ સાથે સહીફામાં પાકોની ઝિક્ર, વસીય્યતે રસુલુલ્લાહ (સ.અ.વ.), ઇમામો-દોઆતનાં નામની ફેહરિસ્ત, નહેસ-સઈદ અય્યામો, લયલતુલ કદ્રની નમાઝની તરતીબ, ફજેરે પઢવાની દોઆઓ, દીવાને હઝરત અલી (અ.સ.) વગેરહ બયાનો આમેઝ કીધા છે યા તો સુધારા-વધારા કીધેલા છે, અને હત્તલ ઇમ્કાન ખતાઓ સુધારવાની કોશિશ કીધેલી છે. છાપ-કામ દરમ્યાન રહી ગયેલી ભૂલોનો ફેહરિસ્ત સહિફાની શુરૂઆતમાં મૂકેલી છે જેથી મુમેનીન સહીહ દોઆઓ પઢી શકે.

તો પણ મશહૂર કહેવત મુજબ **"ઈન્નલ ઇન્સાના મુરક્કબુન મિન નિસ્યાન"** માઅના : ઇન્સાન ભૂલ પર સવાર થનારો છે.... પઢાઈ દરમ્યાન મુમેનીનને અગર કોઇ ખતા નઝરમાં આવે અને તે અમોને રજુ કરશે તો તેઓના એહસાનમન્દ રહીશું.

હાલનો ઝમાનો ગિરાની અને મોંઘવારીનો છે. ૫૦૦૦ નકલ એકજ સાથે છાપવી તે એક અનહોની બીના લાગતી હતી. પ્રિન્ટિંગ ખર્ચ, કાગઝ ખર્ચ, બાઈન્ડિંગ ખર્ચ વગેરહનો અંદાજ ઘણો મોટો હતો મેં આ વાત ભાઈ નજમુદ્દીન એફ. ચશ્માવાલા, ભાઈ નુરૂદ્દીન એ. અત્તરવાલા અને ભાઇ ઝોએબઅલી રંગવાલાને કીધી તો તેઓએ આ બાબત પર ગૌર કીધો અને અમોએ એક બીજાના તઆવુનથી, એક-અનેક ઝરીઆથી કૌમને વાસ્તે આ હિદાયતના કામને અંજામ આપવાનો અઝમ કીધો. અલ્લાહ તઆલાએ નેક કામમાં સખાવત કરનાર ભાઇઓને મીલાવી આપા જેના સબબ આ સહીફા પર તકમીલની મોહર વાગી. હું ત્રણે ભાઇઓનો એહસાન-મન્દ છું જેઓએ ઝાતી દિલચસ્પી લઈ આ કામને સહલ બનાવેલું છે, અને મુસ્તકબિલમાં આ તરહની દીની ઇશાઅતો મન્ઝરે આમ પર લાવવા નિય્યત કરી છે. હું ભાઈ અમીરૂદ્દીન ઝરીવાલા કે જેઓ વરસોથી જમાઅતનાં નૌનેહાલોને કુર્આને કરીમની તઅલીમ આપે છે અને જેઓ હાલમાં મદ્રસાના હેડ મુદર્રીસ છે, તેઓનો શુકગુઝાર છું, તેઓએ પ્રુફ રીડિંગમાં ખુસુસી હિસ્સો લઈ જેહમત ગવારા કરી છે. છાપકામ પુરૂં થયા બાદ

ભાઇસાહેબ એહમદઅલીએ પોતાના ઇલ્મો–ફન અને ઝાતી તજરૂબાનો ફાયદો આપી છાપકામ દરમ્યાન રહી ગયેલી ભૂલો–ખતાઓની મુકમ્મલ ફેહરિસ્ત તૈયાર કરી છે, હું તેમનો પણ એહસાનમન્દ છું ભાઇ ફયઝુલ હુસેન બોકસવાલા (ફઝલ બોકસ વર્કસના માલિક) નો પણ હું એહસાનમન્દ છું કે તેઓએ આ સહીફાના લિબાસને વાસ્તે તેઓ તરફથી લેમીનેશન અને લિફાફા નું પ્રિન્ટિંગ કરી આપ્યું છું આખિરમાં 'ટેકનોપ્રિન્ટ' પ્રેસનાં માલિક ભાઈ ગુલામમહંમદ મનસુરીનો ખિદમતને દાદ આપું છું, જેઓએ વાજેબી અને કિફાયત દરે સહિફાનું સાફ–સુથરૂં પ્રિન્ટિંગ કીધું. સઘલાને વાસ્તે મારી ખૈરો બરકતની દોઆ છે.

બારગાહે હક તઆલામાં દોઆ કરૂં કે દાઇઝઝમાન સૈયદના તૈયબ ઝીયાઉદ્દીન સાહબ (ત.ઉ.શ.) જેઓ હકીકતમાં અહલે–બૈતનાં ઇલ્મનાં વારિસ છે અને શરીઅતે મોહમ્મદીનાં મુહાફિઝ છે, આપની ઉમ્ર મુબારકને કયામતના દિન તક દરાઝ કરે, મુમેનીનને દીન, ઈમાન અને શરીઅત પર ચાલવાની નેક તૌફીક આપે અને આ સહીફાનાં બયાન મુજબ નમાઝો, દોઆઓ અને તસ્બીહો પઢી મુમેનીન ફયઝે રબ્બાનાં હાસિલ કરી હિદાયત અને રાહે નજાતનો રસ્તો ઉસ્તવાર કરે.... આમીન યા રબ્બલ આલમીન.

૧૪ ઝીલ્હાદ ૧૪૦૯ લી. માઝુનુદ્દાવતિલ અલવીય્યાહ
૧૭ જૂન ૧૯૮૯ સૈયદી હાતિમ ઝકીયુદ્દીન
વડોદરા–૬. સાહબ (દા.ઝી.)

શુક્રિયા !....

મુમેનીનથી મુખાતિબ'થતાં મને દિલ્લી ફરહત થાય છે કે પંજતન પાક (અ.સ.) ના વસીલાથી અને સૈયદના વ મૌલાના તૈયબ ઝીયાઉદ્દીન સાહબ (ત.ઉ.શ.)ની દોઆઓની અસર અને રઝાની બરકતથી આ "અસ–સહીફતુલ અલવિય્યાહ" ની તીસરી આવૃત્તિ મન્ઝરે આમ પર આવી. આ પહેલા આજ સહીફાની બે આવૃત્તિ ઓ મારા બાવાજી મરહુમ હાજી અબ્દુલહુસેન એચ. અત્તરવાલાની નિગરાની અને તરતીબથી તેમજ મરહુમ શેઠ સુલતાનઅલી ઝેનિથવાલા (એસ.ડી.એ.) અને શેઠ મહંમદહુસેન ઝેનિથવલાની માલી ઇમદાદથી તૈયાર થઈ હતી. અમ્મા, સહીફાની બીજી આવૃત્તિની નકલો ખત્મ થઈ ગઈ એટલે મુમેનીનભાઈઓએ મને આવીને અરઝ કરી કે નવા સહીફા છપાય તો હાલમાં જે ઝરૂરત ઉભી થઇ છે તે પુરી થઇ શકે અને તેથી જુના સહીફામાં સુધારા–વધારા કરીને રજુ કરવામાં દિલને ખુશી થાય છે, અને બાવાજીની યાદગાર તાઝી થાયછે.

જ્યારે મને સહીફાના નવા પ્રિન્ટિંગની ઝરૂરત મહસૂસ થઇ તો મેં માઝુનુદ્દાવત સૈયદી વ મૌલાઇ હાતિમ ઝકીયુદ્દીન સાહબને રઝાની અરઝ કરી, આપ દીની તઅલીમ અને દીની કિતાબોની નશરો ઇશાઅતમાં શુરૂઆતથીજ દિલચસ્પી રાખે છે, તેથી આપે મારી અરઝ કુબુલ કીધી અને સહીફામાં બયાનો અને દોઆ–ઓમાં રહી ગયેલી ગલતીઓ સુધારવાનું કામ આપને

હસ્તક લીધું આપના એહસાનને હું કઈ શાનથી અદા કરું! આપે સહીફાની પૂરી શિકલ અને તરતીબમાં તબ્દીલી કીધી અને ઝાતિ નિગરાની કરી અહમ મશ્વરા આપી આ કામને આસાન કરી આપું છે.

આ સહીફાને તૈયાર કરવામાં મોટા ખર્ચનો અંદાજ હતો, જનાબ માજુન સાહેબ, ભાઈ નજમુદ્દીન ચશ્માવાલા ભાઈ ઝોએબઅલી રંગવાલાએ મારો સાથ આપ્યો અને અમોએ એક યા બીજા ઝરીઆથી જમાઅતનાં ખાસુલ ખાસ ભાઇઓ પાસેથી માલી ઇમદાદ હાસિલ કીધી અને ખર્ચ પૂરો કીધો. અલ્લાહ તઆલા જે ભાઇઓએ પોતાની પાક દૌલતમાંથી આ નેક કામમાં સખાવત કીધી છે, તેઓની દૌલતને કુશાદહ કરે અને બરકત ઇનાયત કરે.

આ કામ વકતસર બાખુબી તૈયાર કરવામાં ભાઇ અમીરૂદ્દીન ઝરીવાલાએ કે જેઓ મદ્રસએ અન્જુમને તૈયબીના હેડ મુદ્દર્રિસ છે, વકતની કુરબાની આપી છે. અલ્લાહપાક તેઓની રિઝકમાં વધારો કરે અને કૌમની ખિદમત કરવાનો જઝબો વધારે.

આ "અસ સહીફતુલ અલવિય્યાહ" નાં સરવરકનાં લેમીનેશન અને પ્રિન્ટિંગ વાસ્તે હું ભાઈ ફયઝુલહુસેન ઓકસવાલાનો અને સાફ-સુથરૂં, અને આબદાર છપાઇ કામ કરવા બદલ હું 'ટેકનોપ્રિન્ટ' પ્રેસના માલિક ભાઈ ગુલામમહંમદ મનસુરીનો એહસાનમન્દ છું. અલ્લાહતઆલા તેઓનાં કારોબારમાં તરક્કી ઇનાયત કરે.

અલ્લાહ તઆલા કુરઆને મજીદમાં ફરમાવે છે કે, **"વ અમ્મા મન ખાફા મકામ રબ્બેહી વ નહન્નફ્સા અનિલ હવા ફઇન્નલ જન્નતા હેયલ માવા"** મતલબ કે, જે એ પોતાના રબની સામે ઉભા થવાનો ડર રાખ્યો અને પોતાના નફ્સને કાબુમાં રાખ્યો પછી તેનો મકામ જન્નતમાં છે.

આખિરમાં મારી દોઆ છે અલ્લાહ તઆલા હિન્દનાં પહેલા શહીદે આઅઝમ સૈયદના અલી શમ્સુદ્દીન બિન ઈબ્રાહીમ (ક.રૂ.)ના વસીલાથી, અલવી મુમેનીનની બલા આફતો દૂર કરે, સેરાતુલ મુસ્તકીમની હિદાયત આપે, દાઈઝ્ઝમાન (ત.ઉ.શ.)ની ઉમરને દરાઝ કરે અને દીની તઅલીમને વાસ્તે મુમેનીન પોતાની દૌલતને ખર્ચ કરી સખાવત કરી સવાબે દારેન હાંસિલ કરે.

૧-૬-૮૯

૬૦, પાકમોડીયા સ્ટ્રીટ,
મુંબઈ-૩

લી.
નુરૂદ્દીન હાજી અબ્દુલહુસેન
અત્તરવાલા.

★ ☪ ☪ ★

—: ખુશ ખબર :—

અલ્વી જમાઅતમાં શુરૂ થીજ દીની તઅલીમો તરબીય્યત વાસ્તે કિતાબો અને સાહિત્યની કમી રહેલી છે અરબી ઝબાનમાં કિતાબોમાં ઈલ્મનાં દરિયા ભરાયેલા છે પણ તેની માદરી ઝબાનમાં તરજુમાની થાય તોજ ખાસો-આમ મુમેનીન ઈલ્મી-મઅરેફત અને હિકમતનાં અનમોલ જવાહેરાતનો ફાએદો લઈ સકે આ કમીને દુર કરવા અને મુઅમેનીનનાં દીલોને ઈલ્મો તદ્દરીસનાં ગૌહરથી ઝીનતદાર કરવા હુજુરેઆલી સૈયદના તૈયબ ઝીયાઉદ્દીન સાહબ (ત.ઉ.શ.)નો ઘણા વકતથી ખયાલ શરીફ હતો કે આ ગરઝને પુરી કરવા કૌમનાં ખાસ મુમીનોની એક 'અંજુમને તન્ઝીમ' કાએમ થાય કે જે ના ઝરીઆથી નબીચ્યો, ઈમામો અને દોઆતોની તારીખ, હજનાં અરકાન નું બયાન અને દોઆઓની મનસક, નિસ્ફિલ્લયલની નમાઝની દોઆઓ, મદ્રસાનાં બચ્ચાઓ વાસ્તે પાકી-સહીફા-મઅલુમાતનાં સવાલ-જવાબ અને 'દઆએમુલ-ઈસ્લામ' કિતાબ માંથી સવાલ-જવાબ વગેરહ દીનીય્યાતની કિતાબો તરતીબ આપવામાં આવે.

આ સહીફાનું કામ ઈખ્તેદા થયું તો ઇરાદો થયો કે હુજુરે આલી (ત.ઉ.શ.) ના ખયાલ શરીફ મુજબ એક 'તન્ઝીમ કમીટી' મુકર્રર થઈ જાય તો આ ગરઝો-ગાયત તમામ થાય.

આ વાત અમોએ સૈયદના સાહબ (ત.ઉ.શ.) અને જનાબ માજુન સાહબને અરઝ કીધી તો આપ સાહબોએ ખુશીથી અમારા ખયાલને વધાવી લીધો અને અમોને રગબત આપી આ નેક કામમાં હર કિસ્મની ઇમ્દાદ આપવાનો મીઆદ આપો. આપે અંજુમને તન્ઝીમ ને **"ઇશાઅતે અદ્દઅીય્યાતે અલ્વી"** નું નામ બખ્શું છે, અને ફરમાવ્યું છે કે આઈન્દા જમાઅતમાં કોઈ પણ દીનીય્યાતની ઈશાઅતને આ અંજુમનનાં સિલસિલામાં શુમાર કરવામાં આવશે તેથી જમાઅતનાં મુમેનીનમાંથી કોઇને પણ ઇસાલે સવાબને વાસ્તે આ તરહનું સાહિત્ય બહાર પાડવું હોય તો આ અંજુમનના અરાકીનોની મુલાકાત કરે. તેઓ આ કામમાં પૂરતી મદદ કરશે, અને મશવરો આપશે હુજુરેઆલી (ત.ઉ.શ.) એ અસ સહીફતુલ અલવીય્યાહને આ અંજુમને તન્ઝીમનો 'પહેલો સિલસિલો' કરાર આપેલો છે 'તન્ઝીમ' નાં અરાકિન નીચે મુજબ છે.

(૧) જનાબ માજુન સાહબ હાતિમ ઝકીય્યુદ્દીન.
(૨) ભાઇસાહબ એહમદઅલી.
(૩) હાજી યુનુસઅલી લાલા (એમ.ડી એ)
(૪) ભાઈ નજમુદ્દીન એફ. ચશ્માવાલા.
(૫) ભાઈ ઝોએબઅલી રંગવાલા.
(૬) ભાઈ નુરૂદ્દીન એ. અત્તરવાલા
(૭) ભાઈ અબ્દુલહુસેન એન. એડનવાલા

— 'તન્ઝીમ કમીટી' —

૫ જુલાઈ ૧૯૮૯ — **અલ—વઝારતુલ અલવીય્યાહ** વાડી, બદરી મોહલ્લા, વડોદરા—૧૭.

—: રૂહાની નુસ્ખો :—

જે હાજતમન્દો ને રિઝક અને દૌલતમાં કુશાદગી જોઈતી હોય, દુશ્મનોના અને બદખ્વાહો ના ઝુલ્મ દફ્અ કરવા હોય, બીમારીમાં શિફા હાંસિલ કરવી હોય અને બીજી તમામ હાજતો પૂરી કરવી હોય તો આ મુજબની તસ્બીહ હરરોઝ ૧૦૦૦ વક્ત કરે.

જુમોઆ : લાઅેલાહા ઇલ્લલ્લાહુલ મલેકુલ હકકુલ મોબીન
શનિવાર : અલ્લાહુમ્મા સહલે અલા મોહમ્મદિંવ વ અલા આલે મોહમ્મદ.
રવિવાર : યા રબ્બલ આલમીન
સોમવાર : યા ઝલ જલાલે વલ ઇકરામ
મંગળવાર: યા કાઝેયલ હાજાત
બુધવાર : યા અરહમર રાહેમીન
જુમ્આરાત: યા હય્યો યા કય્યુમ
હરરોઝ રાતે સુતી વકત : યા બાઅેસો

૧૦૦ વકત છાતી પર હાથ રાખીને પઢવાથી ખુદા તઆલાની મઅરેફતનું નૂર નસીબ થાય છે.

★ લા યસ્દઉના અન્હા વલા યુન્ઝેફુન. ★

આ આયત જેના માથામાં દર્દ થતું હોય તેના ઉપર ત્રણ વકત પઢીને ફુંક મારવાથી રાહત થાય છે.

હોવલ્લાહુલ્લઝી લાઅેલાહા ઇલ્લાહોવા આલેમુલ ગયબે વશ શહાદતે હોવર રહમાનુર રહીમ.

આ તસ્બીહ ફજરે સાત વકત પઢવાથી ફરીશ્તા આખો દિન પઢનાર વાસ્તે મગફેરતની દોઆ કરે અને અગર ગુજરી જાય તો શહીદ નો મરતબો હાંસિલ થાય.

હોને ન દે કઝા કભી અય બેખબર નમાઝ !

ઇમાનવાલો અયસી હય નુરે નઝર નમાઝ,
દિલકી ઝીયા બઢાતી હે શામો સહર નમાઝ.

પઢ પાંચો વકત શૌકસે તૂ વકત પર નમાઝ,
હોને ન દે કઝા કભી અય બેખબર નમાઝ.

બેહરે નમાઝ કરતે થે અકસર નસીહતે,
દીદારોંસે પઢાતેથે બયરૂલ બશર નમાઝ.

પહોંચે અંધેરી કબ્રમેં અહલે નમાઝ જબ,
હો જાએ મીસ્લ શમ્આ વહાં જલ્વાગર નમાઝ.

કયા રોશનીયે નુરે ખુદા મુંહપે રહેતી હય,
મસ્જીદસે જબ નિકલતે હંય પઢકર બશર નમાઝ.

અલ્લાહ ઓર રસુલકો કયા મુંહ દીખાએગા ?
તુને પઢી ન ઉમ્ર ભર અય બદ ગોહર નમાઝ.

પઢતા રહે ઉસે કોઈ ખુશુઓ ખુઝુઅસે,
ફીર દેખ વો દીખાતી હય કયા કયા અસર નમાઝ.

અહલે નમાઝ તીરે હવાદિસસે કયા ડરે,
ઉન્કો બચાતી રહેતી હય બનકર સીપર નમાઝ.

* ફેહરિસ્ત. *

હિસ્સો પહેલો

(૧) નમાઝ અને પાકીની ઝિકર
(૨) પાણીની ઝિકર
(૩) ગુસલની ઝિકર
(૪) સંડાસની બાર અદબ
(૫) દાતન કરવાની ઝિકર
(૬) હેઝની ઝિકર
(૭) નમાઝનાં વકતોની ઝિકર
(૮) મસ્જીદના ફઝલની ઝિકર
(૯) મસ્જીદની બાર અદબ
(૧૦) નઝાફત (ચોખ્ખાઈ) તથા ખતાનતની ઝિકર
(૧૧) બીમારીથી શિફાની દોઆ
(૧૨) મુસાફરની નમાઝની ઝિકર
(૧૩) અકીકાની ઝિકર
(૧૪) ગુસલોનું બયાન
(૧૫) મસ્બુકની નમાઝનું બયાન
(૧૬) સેહવ (નમાઝમાં ભૂલ)નું બયાન
(૧૭) નમાઝમાં ખલલનું બયાન



* ફેહરિસ્ત. *

હિસ્સો બીજો

વિગત	પાન નં.
હમ્દો સના	૧
કસરની નમાઝ	૨
ગુસ્લોનું બયાન	૨
નમાઝમાં સુરતોની તરતીબ	૪
રૂકુઅ સજદહની દોઆ	૫
ફરઝ પછી પઢવાની તસ્બીહ (તસ્બીહે ફાતેમા (અ.સ))	૫
મસલ્લો ચૂમવાની દોઆ	૫
તશહ્હુદની પઢવાની તરતીબ	૬
વુઝુનું બયાન	૭
વુઝુના ફરઝો	૮
વુઝુની સુન્નતો	૯
વુઝુની તરતીબ	૧૦
અઝાન અને તે પછી પઢવાની દોઆ	૧૪
નાનો તશહ્હુદ	૧૫
મોટો તશહ્હુદ	૧૫
ભૂલ (સેહવ)નો તશહ્હુદ	૧૬
ઈકામત અને તે પછી પઢવાની દોઆ	૧૭
ફરઝની નિય્યત બાદ પઢવાની દોઆ	૧૮
મસ્જીદમાં દાખલ થવાની દોઆ	૧૮
તહીય્યતુલ મસ્જીદની નિય્યત	૧૮
મસલ્લો બિછાવવાની દોઆ	૧૮

વિગત	પાન નં.
ઝોહર–અસરની નમાઝનું બયાન (દોઆઓ સાથે)	૧૮
મસલ્લા પરથી ઉતરતા પઢવાની દોઆ	૨૨
મગરિબ–ઈશાઅની નમાઝનું બયાન (દોઆઓ સાથે)	૨૩
ફજરની નમાઝનું બયાન ,,	૨૭
દાઈઝમાન (ત.ઉ.શ) ના ફાતેહા	૩૮
દોઆતના ફાતેહા	૩૯
સૂરએ યાસીન	૪૧
હઝરત અલી (અ.સ.)ની ફજરની દોઆઓ	૪૯
મુમેનોનના ફાતેહા	૫૪–૬૪
જુમોઆએ પઢવાની દોઆ (મોટો તકરૂબ)	૫૫
મગરિબનાં ફરઝ બાદ પઢવાની દોઆ	૫૮
જુમોઆના ફાતેહા	૫૯
અકીકાની દોઆ	૬૪
તસ્બીહુલ આઅઝમની નમાઝ	૬૬
હર વકતૈક બાદની દોઆ	૬૭
મય્યત અને જનાઝાની અદબોનું બયાન	૬૮
બાર મહિનાની તસ્બીહો	૬૯
રજબ મહિનાનું બયાન	૭૨
રજબ મહિનામાં ફજેરે પઢવાની દોઆ	૭૩
શબે મેઅરાજનું બયાન (રજબની ૨૭મી)	૭૬
શાબાન મહિનાનું બયાન (ફજેરની દોઆ)	૭૬
શબે બરાતનું બયાન (શાબાનની ૧૫મી)	૭૭
નમાઝની ફઝીલત	૮૦
બરકતી તસ્બીહો	૮૧
નિસ્ફિલ્લયલ (અદ્ધુરી)નું બયાન	૮૨
તહજ્જુદની નમાઝનું બયાન	૧૦૨
શહરૂલ્લાહ (રમઝાન)નું બયાન	૧૧૦
રમઝાનની ફજરની દોઆ	૧૧૧
રમઝાનનાં વશીકોનું બયાન (તા. ૧૭,૧૯,૨૧)	૧૧૬
લયલતુલ કદ્ર (જાગવાની રાત)નું બયાન	૧૧૮
રમઝાનનાં આખરી જુમોઆ (વદાઅ)નું બયાન	૧૬૧
ઈદુલ ફિત્ર રાતનું બયાન	૧૬૪
ઈદુલ ફિત્રની ફજરનું બયાન	૧૬૬
ઝિલ્હજમાં ફજેરે પઢવાની દોઆ	૧૭૨
અરફહનું બયાન	૧૭૩
ઈદુલ અઝહાની રાતનું બયાન	૧૭૫
ઈદુલ અઝહાનાં દિનનું બયાન	૧૭૫
ઈદે ગદીરે ખુમ્મનું બયાન	૧૮૩
દોઆતુલ મુત્તલકીનનાં મોટા ફાતેહા	૧૯૪
બાવીસા (અકલિલ અવ્વલ)ની દોઆ	૧૯૭
પારએ અમ્મા (કુરઆની સુરતો)	૨૦૯
આયતુલ કુર્સી	૨૨૩
દીવાને સૈયદના ફખરૂદ્દીન સાહબ (ક.રૂ)	૨૨૪
નહેસ દિનોનું બયાન (વરસનાં)	૨૨૭
સફર કરવાના દિનોનું બયાન	૨૨૭
નહેસ દિનોનું બયાન (મહિનાનાં)	૨૨૮
અઝઝમલ્લાહ	૨૨૮
ફજરની નમાઝ બાદ બરકતની દોઆ	૨૨૯

વિગત	પાન ન.
રસુલુલ્લાહ (સ.અ.વ.)ની વસીયત	૨૨૯
જનાઝહના ગુસ્લનું બયાન	૨૩૨
ખુશ્બોનું મૂકવાનું બયાન	૨૩૭
જનાઝાની નમાઝનું બયાન	૨૩૮
કુરઆને મજીદની તિલાવત પહેલાની દોઆ	૨૪૭
પંજતન પાક (અ.સ.) ના ઉરૂસો	૨૪૮
ઈમામોનો સિલસિલો (વિલાદત અને વફાત)	૨૪૯
દોઆતુલ મુત્લકીનનાં નામો (વફાત)	૨૫૨
બાર મહિનાનાં ઉરૂસો	૨૫૭
દીવાને હઝરત અલી (અ.સ.)	૨૬૭
રસુલુલ્લાહ (સ.અ.વ.)ની નસીહત અને ખુત્બો	૨૭૦

અમારી પ્રખ્યાત રંગદાર

નર્ગીસ મહેંદી, * નર્ગીસ બુખુર અગરબત્તી,
નર્ગીસ બુખુર, * નર્ગીસ બુખુરનું અત્તર
દરેક જાતના હાઇકલાસ વિલાયતી તથા દેશી

અત્તરો

અમારે ત્યાં ઘણા જ મુનાસિબ ભાવે મળશે.

—: મેળવવાનું ઠેકાણું :—

અબ્દુલહુસેન એચ. અત્તરવાલા

૯૦, પાકમોડિયા સ્ટ્રીટ, મુંબઇ-૪૦૦૦૦૩.

હિસ્સો પહેલો

* નમાઝ અને પાકીની ઝિક્ર *

(વમા ખલકતુલ જીન્ના વલ ઈન્સા ઇલ્લા લે યાઅબોદુન,) માઅના : "ખુદા તઆલા ફરમાવે છે કે મે જીન અને ઈન્સાનોને મારી ઈબાદત કરવા વાસ્તે પૈદા કીધા છે." તેથી એમ સાબીત થયું કે સઘલાની પૈદાઈશ ઈબાદત વાસ્તેજ છે. ઈબાદતનો મતલબ એ કે પહેલા ખુદા પાકને ઓલખે, તે એકલો છે કોઈ શરીક યા ભાગીદાર નથી. પછી એમના તરફથી આવેલા ઔલીયાઓને પહેચાનવું અને એ સર્વેની તાઅત કરવી. મોહંમદ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ખુદાના સાચા બન્દા અને રસુલ છે. અને આપના અમરથી વસી થયા અને વસીના અમરથી ઈમામો થયા. તે તમામનો ઇકરાર કરે અને પોતાના ઝમાનના ઈમામનો ઇકરાર કરે એની માઅરેફત કરે. ઈમામના અમરને કબુલ કરે, તેમને ઇઝઝત આપે. તે જે કહે તે કરે, જન્નત, જહન્નમનો ઇકરાર કરે સવાબ, અઝાબ, આખેરતમાં છે કબરમાંથી ઉઠવું છે. આઅમાલનો હિસાબ કિતાબ થાસે તેનો ઇકરાર કરે. રસુલુલ્લાહ જે શરીઅત લાવા તેનું ઇકરાર કરવું એજ ઈમાન છે.

ઈમાન લાવ્યા બાદ નમાઝને બરાબર કોઈ (અમલ) શય અફઝલ નથી. રસુલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહે વસલ્લમ) એ ફરમાવ્યું છે કે હરએક ચીઝ નું મોં છે કે જેથી તે ઓળખાય છે તમારા દીનનું મોં નમાઝ છે. જે શખ્સ

નમાઝને બરાબર પઢે, એના વક્તમાં અદા કરે તો તે મુમીન કહેવાય. અને ન કરે તો મુમીન નહી. જે લોકો નમાઝ નથી પઢતા તે લોકોના માટે ખુદા તઆલાએ કુરઆને મજીદમાં ફરમાવ્યું છે (ફવયલુલ લિલ મુસલ્લીનલ લઝીનહુમ અન સલાતેહિમ સાહુન) માઅના : 'જે લોકો નમાઝના અમરને ભૂલી જાય છે તે સઘલાને હલાકી છે' તેજ વાસ્તે રસુલુલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ફરમાવતા કે જે શખ્સ નમાઝને બરાબર પઢશે તો શૈતાન એનાથી ઘણો ખોફમાં રહેશે. એના ઉપર શૈતાનની કોઇ ચાલ ચાલશે નહી. જે શખ્સ નમાઝ બરાબર અદા નહી કરે તે વખતે શૈતાન અઝીમ ગુનાહો (મોટા-મોટા) અને ખૌફને લાગુ કરી દેશે. આપયે એમ પણ ફરમાવ્યું છે કે ચોરોનો મહાચોર તે શખ્સ છે કે જે નમાઝની ચોરી કરશે.... એટલે કે નમાઝના વક્ત પર દુન્યાના કામોને પસંદ કરશે. કયામતના દિન ખુદા તઆલા ઇજ્જે આદમના અમલમાં પહેલા નમાઝની બાબત પૂછશે. અગર નમાઝ બરાબર અદા નહી કરી હોય–તો એના કોઇ પણ બીજા અમલો જોવાસે નહી. મૌલાના જઅફરૂસ્સાદિક (અ સ.) ફરમાવતા કે જે શખ્સ નમાઝ મૂકસે તેના વાસ્તે ઇસ્લામમાં કોઈ વાતનો નસીબો રહેશે નહી. અમીરૂલ મોઅમેનીન અલી ઇબ્ને અલી તાલીબ (અ.સ.) એ ફરમાવ્યું કે હરએક ઇમારત માટે પાયો હોય છે, તમારા દીનનો પાયો નમાઝ છે. તે માટે જે શખ્સ નમાઝ નહી પઢે તો મુમીન કહેવાશે :નહી. એના દીનની ઇમારત પાયા વગરની છે, માટે ખુદા

તઆલા અને એના ઔલીયાઓની પહેચાન પછી, નમાઝ બરાબર કોઇ અફઝલ ઇબાદત નથી. નમાઝને મૂકવું ઘણો મોટો ગુનાહ છે, એ બરાબર કોઈ ગુનાહ નથી. એક દીવસ મૌલાના બાકીર ઇમામ (અ.સ.)ના પાસે એના અસહાબે ઝિકર કીધી કે ફલાનો મુમીન ફરઝોની નમાઝ પઢતો નથી. તે સાંભળી આપે ફરમાવ્યું કે, ખુદાના નજદીક ફરઝની નમાઝોનું ના પઢવું ઘણો મોટો ગુનાહ છે. ખુદાતઆલા કલામુલ્લાહમાં ફરમાવે છે કે (ફખલફા મીન બઅદેહીમ ખલ્લકુન અઝાઉસ સલાતા વ અત્તબઉસ શહવાતે ફસૌફા યલકુના ગય્યા.)

માઅના :—

સઘળા મુઅમિનના બાદ એની ઔલાદોએ નમાઝને મૂકી દીધી. અને શહવતના ઉભુરને તાબેઅ થયા એ સઘળા નજદીકમાં ગુમરાહીમાં પડશે, ભટકાઇ જાશે.

નમાઝને બરાબર અદા કરવામાં પહેલાં પાકીની ઝરૂરત છે. પાકી બગૈર નમાઝ કબુલ થાય નહીં, અને પાક થાવું પાણીથી છે. પાક કેવી રીતે થાય તેની ઝીકર અમો પહેલે કરીએ છીએ.

❊ પાણીની ઝિકર ❊

વુઝુ કરતાં પહેલા પાણીની પાકી અને ના પાકીનો ખયાલ રાખવો હરેક નમાઝી પર લાઝિમ છે કિમકે આ પરજ તહારતની ઇમારતની બુનિયાદ છે, સબબ કે નાપાક પાણીથી વુઝુ કરેલી ઝાયેઅ છે, વુઝુ વગરની નમાઝ ફૌત છે, અને નમાઝ વગરનાં આઅમાલ માથા બગૈરનું જીસ્મ છે.

કોઈ પણ વહેતું પાણી જેવું કે દરિયાનું, નદીનું, નાળાનું, કુવાનું, ઝરનાનું, યા વાવનું–પાક છે. આ સિવાય હોઝ, હવારા, કુંડી કે ટાંકાનું પાણી મુકર્રર હદનું હોય તો તે પણ પાક છે. હદનું માપ 'આઠ ઘન ઝિરા' પાણી છે એટલે કે, ૨ ઝિરા લાંબી × ૨ ઝિરા પહોળી × ૨ ઝિરા ઉંડી, એટલે 'આઠ ઘન ઝિરા' (૧ ઝિરા = ૨ ફુટ) ના હિસાબે ૪×૪×૪= ૬૪ ઘન ફુટ પાણી થાય. આ હદનું પાણીજ પાક છે અને આથી ઓછું હોય તો તે વુઝુ અને ગુસ્લ કરવામાં લે નહીં.

તાંબા, પિત્તળ, લોખંડ વિગેરે ધાતુઓ કે લાકડાનાં પીપ ટાંકીઓ (સિમેન્ટ ની) જેમા હદથી વધુ અથવા કમ પાણી હોય અથવા નલમાંથી ખાલિસ પાણી આવતું હોય, અને આ સઘલા વાસણો ટાંકીઓ બરાબર નમાઝી અને ચોખ્ખા હોય તો તે પાણી પાક છે. પછી તેમાં હદની ઝરૂરત નથી.

વરસાદનું પાણી, નદીનું પાણી, ઝરાનું પાંણી, આ મિસલના પાણીમાં કોઈ ચીજ પડી ન હોય અને એનો રંગ ખુશ્બો અને સ્વાદ બદલાયો ન હોય તો એ પાણી પાક છે અને એ પાણીથી વઝુ અને ગુસ્લ થઈ શકે છે. અગર કોઈ પણ પાણીમાં તેનો સ્વાદ ખુશ્બો અને રંગ બદલાય અથવા કોઈ નજાસત (નાપાકી) પડે તો તે પાણી નાપાક કહેવાય એનાથી. પાક થવાય નહી. યાને વઝુ તથા, ગુસલ થઈ શકે નહી.

જે શખ્સના બદનમાં દાના યા ગુમડાં યા ઝખ્મ લાગો હોય અને ખૂન વહેતું હોય તો તે શખ્સ પોતાના કપડાને ધોઈને નમાઝ પઢે અગર નમાઝ પઢતાં. ખૂન વગેરે નિકલે તો હરકત નહી. મગર જેટલું બને બચાવીને પાક થાય.

(વલ્લાહો આઅઝરો એ અન્દેહી ઇઝિબ તલાહો) યાને ખુદા પોતાના બંદાના ઉઝર (ઈઝા) કબુલ કરનાર છે.

જે શખ્સ નમાઝ પઢે અને એના કપડામાં નાપાકી લાગી હોય જેની એને ખબર ન હોય અને નમાઝ પઢા પછી ખબર પડે તો તેની નમાઝ દુરસ્ત છે. નમાઝ પહેલાં એના કપડાની નાપાકીની ખબર હોય અને નમાઝ પઢે તો પછી નમાઝ વાહવી પડે.

* ગુસલની ઝિકર *

(વધુ વિગત વાસ્તે પાન નં ૩ જુઓ)

જનાબત બે કીસમની છે. એક જૈરોને મીલવાથી અને બીજો જૈરોના મીલવા સિવાય. જૈરોથી મીલવામાં મની નીકળે તો ગુસલ કરવું વાજીબ છે. અને જૈરોના જીસ્મથી મળ્યા વગર પણ મની નીકળે તો પણ ગુસલ વાજીબ છે અગર મની ન નાકલે તો નહીં. કોઈ શખ્સ સપનામાં કોઈ શેયને જોઈ અને મની નીકલી આવે અને જાગી જાય તો ગુસલ કરવું વાજીબ છે અગર મની ન ન દેખાય તો નહી. અગર મરદનું ઝકર (ઔરત)નુ માથુ જૈરોના ફરજમાં (ઔરતમાં) ગાયબ થાય અને બન્ને ખતાનત મીલી જાય, પછી યા તો મની નીકળે કે ન નીકળે બન્ને ઉપર ગુસલ કરવું વાજીબ છે.

જે સખ્સ ઉપર ગુસુલ વાજીબ થાય તો પહેલા વજુ કરે તે બાદ ગુસલની નીય્યત લે.

(નીય્યત) : અલ્લાહુમ્મા ઇન્ની અગતસેલોલિલ જનાબતે. યા એહતેલામે ફરજુન અલય્યા બિસ્મીલ્લાહે અલ્લાહો અકબર.

* સંડાસની બાર અદબ *

(૧) સંડાસમાં ઉઘાડા પગે ન જાય.

(૨) સંડાસમાં જતાં ડાબો પગ આગળ કરે અને આ દુઆ પઢે.

(અઉઝો બિલ્લાહે મીનરરિજસિન નજસિલ ખબીસિલ મુખબ્બેસે મિનશશયતાનિર્રજીમ.)

(૩) સંડાસમાં ઉઘાડા માથે ન જાય.

(૪) સંડાસમાં કિબલા સામે બેસે નહિં.

(૫) તેમજ કીબલાને પીઠ દઇને બેસે નહિ.

(૬) હાજીત કરવાં બેસે તે વકત ડાબા પગ ઉપર વજન રાખે અને આ દુઆ પઢે.

(અલ્લાહુમ્મા કમા અતઅમતનીહે ફી આફીયતિન ફ અખરિજહો મિન્ની બે આફીયહ.)

અને ગાયત ઉપર નજર પડે તે વકત આ દુઆ પઢે.

અલ્લાહુમ્મર ઝુકનિયલ હલાલ વ જન્નિબની યલ હરામ.

(૭) સંડાસમાં બોલે નહિં.

(૮) સંડાસમાં વધુ વખત બેસે નહિં. અને હાજીત સી ફારિગ થઇને આ દુઆ પઢે.

(અલ્હમ્દો લિલ્લાહીલ લઝી અમાતા અન્નીયલ અઝાં વ હ-નાની તઆમી વશરાબી)

(૯) જે ખરાવ હાજીત વાસ્તે લીધો હોય તે પાછો ન લે, ખરાવ કદરીનો યાકે છાણાનો યાકે કોલસાનો યાકે લાકડાનો ન લે કપડાં નો યા ઇંટનો ખરાવ લે તે પછી ઇસ્તિન્જા કરે.

(૧૦) ખરાવ એક લે ત્રણ લે પાંચ લે.

(૧૧) ગાયત ઉપર ઇસ્તિન્જા ન કરે અને ઇસ્તિન્જા ડાબા હાથથી કરે.

(૧૨) સંડાસથી બહાર નીકળતા જમણો પગ આગળ કરે અને આ દુઆ પઢે.

(અલ્હમ્દો લિલ્લાહીલ લઝી આફાની ફી જસદી વલ હમ્દો લિલ્લાહીલ લઝી અમાતા અન્નીયલ અઝા વ હન્નાની તઆમી વ શરાબી)

દાતન કરવાની ઝિકર

અલ્લાહના નબીયોની ખાસ ત્રણ ચીઝો છે. (૧) ઇતર, (૨) દાતન, અને (૩) ઔરોથી નિકાહ કરવું.

રસુલુલ્લાહ (સ.અ.વ.) ફરમાવતા કે દાતન–મોંહને પાક કરવાનો અને ખુદાને ખુશ કરવાનો એક તરીકો છે. જીબ્રઈલ (અ.સ.) મારા નઝદીક આવતા તે વક્ત મને દાંતન કરવાની તાકીદ કરતા. તે સબબથી જે સખ્શ દાતન ન કરે તે સખ્શથી ફરિશ્તાઓ દૂર રહે છે, નઝદીક થતા નથી. કારણ કે તેઓ દાતન બરાબર કરતા નથી. દાતન કરવામાં ઘણો ફઝલ અને સવાબ છે દાતન કરવાથી મોંહ ની ઘણી બીમારીઓ દૂર થાય છે. અગર દાતન કરવાનું ઇમકાન ન હોય તો અંગુઠો અને તેને પાસેની તીજા આંગળીને દાંત પર ઘસે અને દાંત સાફ કરે. તો તે પણ દાતન જેવું કામ આપશે તે વાસ્તે હરએક શખ્સને હંમેશા દાતન કરવું જોઇએ

❋ હૈઝની ઝિકર ❋

હૈઝનું ખૂન જાડું, ગંધાતુ અને ગરમ હોય છે. હવે જે ઔરોને હૈઝનું ખૂન આવે તો હાઇઝ કહેવાય હૈઝ વાલી ઔરોથી હમબિસ્તર થાવું હરામ છે અને મોટો ગુનાહ છે. અગર હૈઝની હાલતમાં નુતફો રહી જાય તો યકીનથી જાણે કે એ ફરઝન્દ આલે મોહંમદનો દુશ્મન થાસે. રસુલુલ્લાહ (સ.અ.વ.)એ ફરમાવ્યું છે કે, (યા અલીય્યો લા યબગઝન્નકા મિનર રિજાલે ઈલ્લા મન હુવા લે ગયરે રૂશ્દતિન અવમન હમલત બેહી ઉમ્મોહુ લે ગયરે તોહરિન) તરજુમા : એ અલી ! અમારો અદાવતનો કરનાર ઝિનાનો (બદકારીનો) છોકરો અને જેનું હમલ હૈઝની હાલતમાં રહ્યું હશે તેજ હશે, એના સિવાય બીજો કોઇ અદાવત કરશે નહીં તો સાબિત થયુ કે, ઝિનાનો અને હૈઝનાં હમલનો છોકરો બંને મોટા ગુન્હગાર છે. તે વાસ્તે હૈઝવાલા ઔરોથી નઝદીક થાય નહીં અગર એક બિસ્તર પર સૂએ અને હાથ લગાવે તો કોઇ હરજ નથી. હૈઝ અને જનાબતવાલા કલામુલ્લાહ હાથમાં લે નહી તેમજ તેની આયતો પઢે નહી, મસ્જીદમાં જાય નહી, કોઇ ઔરો ઉપર જનાબતનો ગુસલ વાજીબ થયો હોય અને તે વકત જ હૈઝ આવે તો એકજ ગુસ્લ (હૈઝ પાકીનો) કાફી થાસે. હૈઝનું ખૂન બંધ થાય કે તરતજ હૈઝનો ગુસલ કરે તાખીર કરે નહીં, અને અગર તાખીર થાય એમાં જે નમાઝો ફૌત થઈ હોય તો તે નમાઝો વાલે,

હૈઝના બૈરા, મરદો વાસ્તે પણ ગુસલ કીધા પછી જ હલાલ થાય. એજ મુજબ સુવાવડી બૈરાનો હાલ છે. એવે ગુસલ કરે તેની નિય્યત.

(અદ્દાહુમ્મા ઇન્ની અગતસેલો 'લિલ હૈઝે' યા કહે 'લિન નફાસે' ફરઝુન અલય્યા બિસ્મિલ્લાહે અલ્લાહો અકબર)

હૈઝની કમ અઝ કમ ૩ દિન અને ઝિયાદહથી ઝિયાદહ ૧૦ દિન નાપાકી રહે છે. તે દરમ્યાન રૂ કે કપડું મૂકીને તહકીક કરે. અગર ખૂન નઝર આવે તો ગુસલ કરે નહીં, અગર નઝર ન આવે તો પાક થાય નમાઝ અને રોઝા લાઝિમ થાય અને મરદ વાસ્તે હલાલ થાય. અગર દસ દિનથી ઝિયાદહ હૈઝનું ખૂન જારી રહે અને તે પાતળું લાલ અને બદબો વગરનું હોય તો તે ખૂનને "ઇસ્તેહાઝહ" નું ખૂન કહેવાય છે. આ બૈરાની એક બીમારી છે. તેથી આમાં રોઝા ન ન કરે પણ ફરઝોની નમાઝનાં વકત પહેલા પાક થાય અને નમાઝ અદા કરે. અગર હૈઝનું ખુન દેખાય તો બેસી રહે અને હૈઝનું ખુન ન દેખાય તો ગુસલ કરી પાક થાય. નમાઝ પઢે રોઝા કરે. પોતાના મરદ માટે હલાલ થાય. બગલના અને ઔરતના બાલ ચાલીસ દિનના અંદર સાફ કરે. બૈરાએ રમઝાન મુબારકના ગયેલા રોઝા ઝીલહજ મહીનાના પહેલા દશકામાં વાલવા નહી.

-: નમાઝનાં વકતોની ઝિકર :-

રસુલુલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ઉપર પાંચ વકતોની નમાઝ ફરઝ થઈ તે હરેકના માટે બે વકતો થયા. પહેલો અને છેલ્લો, (પહેલા વકતમાં ખુદાની ખુશી હાસીલ થાય છે. પહેલા વકતમાં જે ફઝલ હાથ લાગે તે બીજામાં નહી, અગર કોઈ સબબ વગર કોઈ શખ્સ બીજાં વકતમાં નમાઝ પઢે. તો તેમાં ખુદા તઆલાનો ઈખ્તેયાર છે. ચાહે તો નમાઝ કબુલ કરે અને માફ કરે અને ચાહે તો અઝાબ કરે રસુલુલ્લાહે (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ફરમાવ્યું કે, અવ્વલુલ વકતે રિઝવાનુલ્લાહ વ આખેરૂલ વકતે અફ્વુલ્લાહ. મતલબ કે, પહેલો વકત અલ્લાહની ખુશનૂદીનો છે અને છેલ્લો વકત અલ્લાહની મઆફીનો છે. અલ્લાહનાં હુકમ મુજબ જો બંદો અલ્લાહનાં દરબારમાં વકત સર હાઝર થાય છે તો તે ફઝલ અને સવાબનો હકદાર બને છે અને અગર બંદો તેના વકત અને કુરસદે હાઝર થાય છે તો પછી અલ્લાહ તઆલાને ઈખ્તેયાર છે કે તે બંદાની નમાઝ કુબુલ કરી મઆફી -મગફેરત કરે યા ન કરે ચાહે જઝા આપે યા સઝા કરે! તેથીજ હરએક નમાઝ વાસ્તે પહેલો વકત અફઝલ છે મગર ઇશાની નમાઝમાં તાખીર કરવામાં સવાબ છે. રસુલુલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ઉપર નમાઝો ફરઝ થઈ તેમાં પહેલી નમાઝ ઝોહરની થઇ. તે માટે એ નમાઝને 'અસ્સલાતુલ ઉલા' કહેવામાં આવે છે એનો પહેલો વકત સુરજનું આસમાનના વચ્ચેથી મગરિબ

તરફ ઢલવું છે, તેને ઝવાલ કહેવામાં આવે છે. તે વકત પહેલો વકત છે જેમાં ઝોહરની નમાઝ પઢે. સુરજના ઉગવા પછી સુરજનાં ઝવાલ તક અને અસરની નમાઝથી મગરિબનાં વકત સુધી ફરઝોની ફૌત થયેલી નમાઝ વાલે યા કે, બીજી મુકર્રર નમાઝો જેવી કે, જનાઝાની, ઘરણની, વરસાદ માંગવાની આવી છે તે પઢે નાફિલની નમાઝ યા બીજી નમાઝો (જેવી કે તસ્બીહુલ આઅઝમ) નાફિલનાં વકતમાં (યાકે કોઈ પણ નમાઝનાં વકતમાં) વાલે યા પઢે. અગર તેજ દીવસની નમાઝ વાલવી હોય તો વાલી લે. સુરજના ડુબા પછી-મગરીબની નમાઝ પછી જે ચાહે તે નમાઝ પઢે. તાકે રાતમાં શફાની નમાઝ પછી કોઈ નમાઝ પઢે નહી. મગર ફજર થયા પછી ફજરની નમાઝ પઢે.

* મસ્જીદના ફઝલની ઝિકર *

મસ્જીદુલ હરામ યાને બૈતુલ્લાહમાં નમાઝ પઢવામાં એક લાખ નમાઝનો સવાબ છે. મદીનામાં મસ્જીદુન નબીમાં નમાઝ પઢવામાં દસ હઝાર નમાઝનો સવાબ છે બૈતુલ મુકદ્દસમાં નમાઝ પઢવામાં એક હજાર નમાઝનો સવાબ છે. મસ્જીદુલ જામેઆમાં (એટલે જુમોઆ મસ્જીદ) સો નમાઝનો સવાબ છે. મસ્જીદુલ કબીલા યાને મોહલ્લાની મસ્જીદમાં યા કે જે મસ્જીદ વકફ કીધી હોય તે મસ્જીદમાં પચ્ચીસ નમાઝનો સવાબ છે. મસ્જીદુસ સુક યાને બાઝારની મસ્જીદમાં અને કોઈ ઘરમાં યા હોલમાં યાકે ચૌગાનમાં ઈમામતની નમાઝ પઢે તો બાર નમાઝનો

સવાબ છે અને જે શખ્સ એકલો ઘરમાં નમાઝ પઢે તો એક નમાઝનો સવાબ છે. ઝમીન પર સાત જગાઓ એવી છે કે જ્યાં નમાઝ પઢી શકાય નહીં. (૧) જ્યાં જાનવરોને ઝબેહ કરવામાં આવતા હોય (૨) કબ્રસ્તાન (૩) ઘરનો કચરો અને ગંદકી નંખાતી હોય (૪) રસ્તાને દરમ્યાન (વચમાં) (૫) હમ્મામ ખાનામાં (બાથરૂમ-નાહવાની જગા) (૬) ઉંટો અથવા ઢોર-જાનવર બાંધવાની જગા (૭) કબ્રસ્તાનની છત ને ઉપર

આ સિવાય અલ્લાહ તઆલાના ઈરશાદ મુજબ "ઈન્ના અરઝી વાસેઅતુન ફઈય્યાયા ફઅબોદૂન" (મારી ઝમીન કુશાદહ છે, જ્યાં ચાહો નમાઝ પઢી શકો છો) કોઈ પણ પાકો-સાફ જગાએ નમાઝ પઢી શકાય છે. મસ્જીદનો પડોસી મસ્જીદમાં જ નમાઝ પઢે, અગર કોઇ સબબથી મસ્જીદમાં આવી શકે નહી તો જ ઘરમાં પઢે. મસ્જીદમાં અઝાન આવે, અને જે લોકો તેનો આવાઝ સાંભલે તે સર્વે મસ્જીદના પડોસીઓ કહેવાય. મસ્જીદમાં તેજ બેસે કે જે કલામુલ્લાહ પઢનાર હોય, નમાઝોનો પઢનાર હોય, દીની ઈલ્મો હિકમતનો જાનનાર અને પઢાવનાર હોય, દીની કિતાબો લખનાર હોય, ઝાડુ, સાફ-સફાઈ કરનાર હોય, મસ્જીદની તામીર તરમીમનું કામ કરનાર હોય, આ સિવાય બીજા લોકો મસ્જીદમાં બેસે નહી. મસ્જીદમાં કોઇની ગીબત કરે નહીં. સુઇ નહીં. ગૈર બાલિગ બચ્ચાંઓ જેઓ મસ્જીદની અને નમાઝની આદાબ અને ફઝીલતને સમઝતા ના હોય તેઓને મસ્જીદમાં આવવા દે નહીં. અગર એમ કરશે તો

મસ્જીદનાં નમાઝીઓની ઈબાદતમાં ખલલ પડશે, અને મસ્જીદની હુરમતને નુકસાન પહોંચશે. મસ્જીદમાં પલાઠી (ચોખટ) વાળીને યા કે બે અદબી થી બેસે નહીં. જનાબતદાર અને હૈઝદાર મરદો યા કે બૈરા મસ્જીદમાં દાખલ થાય નહીં. મસ્જીદમાં પાકો-સાફ કપડાં પહેરીને આવે અને દાખલ થતાં બિસ્મિલ્લાહે વ બિલ્લાહે ની દોઆ પઢે અને મસ્જીદનાં સલામની-તહય્યતુલ મસ્જીદની બે રકાઅત નમાઝ પઢે. અગર તહય્યતુલ મસ્જીદની નમાઝ ફોત થઈ હોય તો ફરઝ અથવા સુન્નત પઢા પછી વાલે. મૂકે નહીં. નમાઝીઓની સુહુલતને વાસ્તે મસ્જીદમાં ચાખડી-લોટો રાખવામાં ફઝલ અને સવાબ છે.

* મસ્જીદની બાર અદબ *

(૧) મસ્જીદમાં દાખલ થતાં જમણો પગ આગળ કરે.

(૨) મસ્જીદમાં આવતા (બિસ્મિલ્લાહે વ બિલ્લાહે અસ્સલામો અલયકા અય્યોહન નબીય્યો વ રહમતુલ્લાહે વ બરકાતોહુ અસ્સલામો અલયના વ અલા એબાદીલ્લા હિસ સાલેહીન) અગર મસ્જીદમાં વધારે લોકો હોય તો આ વધારો કરે. (અસ્સલામો અલયકુમ વ રહમતુલ્લાહે વ બરકાતોહુ) આ મુજબ પઢે.

(૩) મસ્જીદમાં આવે તો તહય્યતુલ મસ્જીદની બે રકાઅત નમાઝ પઢે. પહેલી રકાઅતમાં અલહમ્દો અને કુલ અઉઝો બે રબ્બિલ ફલક, અને બીજી રકાઅતમાં : અલહમ્દો અને કુલ અઉઝો બે રબ્બિનન સ પઢે.

(૪) મસ્જીદમાં કિબલા સામે બેસે.

(૫) મસ્જીદમાં કોઈ ચીઝ ખોવાઈ ગઇ હોય તો તલાશ કરે નહીં. કોઈ ચીઝ કોઇને મિલે તો પુછપરછ કરે નહીં.

(૬) મસ્જીદમાં કોઈ ચીઝો વહેંચે યા કે ખરીદે નહીં.

(૭) મસ્જીદમાં થુંકે નહીં. અગર જરૂરત હોય તો રૂમાલને અંદર લઈ લે.

(૮) મસ્જીદમાં હથિયાર લગાવે નહીં, તલ્વાર મ્યાનથી નીકાલે નહીં.

(૯) મસ્જીદમાં હદ મારે નહીં. એટલે કે કોઇને સજા કરે નહીં

(૧૦) મસ્જીદમાં ઉંચો અવાજ કરે નહીં. ઔરતને બોલે નહીં.

(૧૧) ઇમામ સાથે કેરાત પઢે નહીં. (ઇમામ ફરઝની નમાઝમાં સૂરતો પઢતા હોય તો સાથે સાથે ન પઢે)

(૧૨) મસ્જીદમાંથી બહાર નીકલે તો ડાબો પગ આગળ કરે

આ સિવાય નમાઝી મસ્જીદમાં દાઢીથી રમત કરે નહીં, આંગળાનાં ટાચકા ફોડે નહીં, મોટા અવાજથી બગાસું યા ઢકાર ખાય નહીં, આળસ ખાય નહીં અને અગર ખાંસી યા છીંક આવે તો જહાં તક ઇમ્કાન હોય મોં પર રૂમાલ ઢાંકી દે નમાઝ દરમ્યાન સજદહનાં મકાનમાં નઝર નાંખે. આજુબાજુ જુએ નહીં, બેવે આંખો બંધ કરે નહીં યા કે કિબ્લા તરફ યા ઉપર નઝર નાંખે નહીં.

નઝાફત (ચોખ્ખાઈ) અને ખતાનતની ઝિકર

રસુલુલ્લાહ (સ.અ.વ.)થી રિવાયતમાં ફરમાન આવેલું છે કે ખતાનત કરવી ફિતરતમાં શામિલ છે. ઇસ્લામમાં કોઈ શખ્સ ખતાનત કીધા વગરનો રહે નહીં, પછી તે ૮૦ વરસનો બુઝરૂગ પણ થઈ ગયેા હોય. હઝરત અલી (અ.સ.) થી રિવાયત છે કે ૮૦ વરસની ઉમરમાં સૌથી પહેલા જેની ખતાનત થઈ તે હઝરત ઈબ્રાહીમ ખલીલુલ્લાહ (અ.સ.) છે. અલ્લાહ તઆલાએ હઝરત ઈબ્રાહીમ (અ.સ.) પર વહય નાઝિલ કીધી કે પાક થઈ જાઓ, તે વકત આપે મૂંછોના બાલને સરખા કીધા. આપને બીજી વકત હુકમ કરવામાં આવેા તેા આંગળાનાં નખને કાપા. તેજ હુકમ તીસરી વકત થયેા તેા આપે બગલના બાલને સાફ કીધા. દોબારહ હુકમ થયેા તેા દુંટી નીચે અને ઔરતને ઉપરના બાલને સાફ કીધા. આખરી ફરમાન થયું તેા આપે ખતાનત કરાવી.

જે શખ્સને અલ્લાહ તઆલા ફરઝન્દ એનાયત કરે તેા પહેલે સુન્નતે હઝરત ઈબ્રાહીમ (અ.સ) પર અમલ કરે. ફરઝન્દ જે વકત ઝમીન પર પેશાબ કરે છે અને તેની ઔરતની ખતાનત કરવી બાકી હોય છે તેા ઝમીન ખુદા તઆલાને શિકાયત કરે છે. તે વાસ્તે ફરઝન્દની ખતાનત જલ્દ અઝ જલ્દ કરાવે. તાખીર હરગિઝ કરે નહીં. અગર દીકરી હોય તેા સાત વરસની ઉમર પછી

ખતાનતની ચામડીને કાતરથી અડધી કતરે થેાડી રહેવા દે કે જેથી તે તેના શૌહરને મહબુબ રહેશે અને ઝિયાદહ લુત્ફ ઉઠાવી સકસે.

જીસ્મની નઝાફતમાં દાઢી અને મુંછનેા ખાસ મકામ છે. રસુલુલ્લાહ (સ.અ.વ.) થી ફરમાન છે કે દાઢીને દરાઝ કરેા અને દાઢીની બેવે કાન–પટ્ટીના બાલને ઉસ્તવાર કરેા. દાઢીમાં કાંસકાથી કંગાઈ કરેા. ગરદનનાં બાલને મૂંડાવેા અને નીચલા હોંઠના દરમ્યાનનાં બાલને કાપી નાંખેા. મૂંછોને ઉપલા હોંઠ પર લાંબી થવા નદેા. અલબત્ત છેડાઓને થેાડા કતરેા. બગલનાં બાલ, ઔરતને ઉપરના બાલ વધારીને શયતાનના વસ્વસાનું મકાન ન કરેા.

મરદેા હર જુમેાઆના દિને નખ કાપે તેા એમાં ફઝીલત છે. અલ્લાહ તઆલા આંગલીઓની બિમારીને દુર કરી શિફા બખ્શે છે. ઝેરાને વાસ્તે નખ વધારવામાં ઝીનત છે. પણ સાફ–સફાઈ રાખવી તાકીદની શરત છે.

હઝરત અલી (અ.સ.)થી મન્કુલ છે કે સફેદ બાલનું આવવું અલ્લાહના નુરની નશાની છે. તેથી તેને તેાડવા ન જોઇએ. હઝરત અલી (અ.સ.) સફેદ બાલને કતરવામાં કોઈ કરાહીય્યત નહેાતા કરતા, પણ તેાડવાને ના પસંદ કરતા હતા. ઈમામ (અ.સ.)એ એક શખ્સને પેાતાની સફેદ દાઢીને કાલેા રંગ લગાવતા જોયા તેા આપે ફરમાવ્યું કે આ શખ્સ પેાતાના નૂરાની ચહેરાને બદસુરત બનાવી રહયેા છે. રસુલુલ્લાહ (સ.અ.વ.)થી સફેદ બાલેા પર ખિઝાબ (કાલેા રંગ) લગાવવા વાસ્તે મનાઈ આવેલી છે.

રસુલુલ્લાહ (સ.અ.વ.) થી મન્કુલ છે કે તમારા બચ્ચાઓનાં એઠા હાથોને ધોઇ નાંખો, કેમ કે શયતાન એને સુંઘે છે. આપે એમ પણ ફરમાવ્યું કે જે શખ્સ જમવા પહેલાં અને પછી હાથ ધોવાની આદત રાખશે તેને અલ્લાહ તઆલા ઐશો આરામની અને સેહતમન્દ ઝિન્દગી અતા કરસે. હઝરત અલી (અ.સ.)થી રિવાયત છે, આપે ફરમાવ્યું કે જમવા બાદ આગળના અને અંદરના દાંતોને ખેલાલ કરવું (સાફ કરવું) મુમિનનાં રોઝગારની કુશાદગીનો સબબ છે. રસુલુલ્લાહે (સ.અ.વ.) નખ અને આંગલાને દરમ્યાનની જગામાં (જે જગા અંદર જમણની ચીકાસ અને રજકણ લાગી જાય છે) ખેલાલ (કોતરવાનું) કરવાનું ફરમાન કીધું છે.

હરએક બીમાર પર આ દોઆ પઢીને ફુંક મારે યા પાણી પર ફુંક મારી પિલાવે તો ખુદા શીફા બખ્શે.

(બિસ્મિલ્લા હિર્રહમા નિર્રહીમ)

બિસ્મિલ્લા હિશ શાફી બિસ્મિલ્લાહિલ કાફી બિસ્મિલ્લાહિલ મોઆફી બિસ્મિલ્લાહિલ વાફી બિસ્મિલ્લાહે લહુલ અસ્માઉલ હુસ્ના બિસ્મિલ્લાહિલ લઝી લા યઝુરૂ મઆ ઇસ્મેહી શૈઉન ફિલ અરઝે વલા ફિસ્સમાએ વહોવસ સમીઉલ અલીમ. સુબ્હાનલ્લાહે વલ હમ્દોલિલ્લાહે વ લાઇલાહા ઇલ્લલ્લાહો વલ્લાહો અકબર વ લા હૌલા વલા કુવ્વતા ઇલ્લાબિલ્લાહિલ અલીય્યીલ અઝીમ. અલિફ

લામમીમ, અલિફ લામમીમ સ્વાદ, કાફ હાયા ઐન સ્વાદ, તાહા, તાસીન તાસીમ મીમ, યાસીન, હામીમ, કાફ, નૂન, હા મીમ ઐન સીન કાફ વ સલ્લલ્લાહો અલા ખયરે ખલ્કેહી મોહમ્મદિંવ આલેહીત તાહેરીન.

—: મુસાફરની નમાઝની ઝિકર :—

સફરની હદ ચોવીસ મેલ (અરબી)ની છે. હવે જે શખ્સ એટલી દુરી પર સફરનો ઇરાદો કરે તો તે શખ્સ પોતાના ઘરથી નીકળે તે વક્તથી નમાઝ કસર પઢે. યાને ચાર રકાઅત ફરઝની છે તેને બદલે ફક્ત ૨ (બે) રકાઅત નમાઝ પઢે. અને મગરીબ અને ફજરની નમાઝ પૂરી પઢે અને રોઝા પણ ના કરે. આ દરમ્યાન નમાઝ પૂરી પઢી હોય અને રોઝા કીધાં હોય તો તે પાછા વાલવા પડે. જે શખ્સ ૧૨ (બાર) માઇલ જાય અને પાછો આવે તે પણ કસર નમાઝ પઢે. કારણ કે ૧૨ માઇલ જવાનું અને ૧૨ માઇલ આવવું એમ ચોવીસ થાય અગર ચોવીસ માઇલના અંદર જવાનું થાય તો નમાઝ પૂરી પઢે અને જે લોકો સફરમાં પોતાના કરાબતવાળાના ઘરમાં ઉતરે અને એ લોકોથી મુલાકાત કરે તો નમાઝ પૂરી પઢે. કરાબતવાળાં તે નઝદીકનાં લોકો છે કે જેઓથી મુસાફર નિઝાહ ન કરી શકે, એટલે કે જેઓ તેનાં મેહરમમાં શુમાર છે.

કસર નમાઝની નિય્યત :- ઉસલ્લી ફરઝા સલાતિઝ ઝોહરે, યા અસરેયા, ઇશાઇલ આખેરતે રકાઅતયને કસરન લિલ્લાહે અઝઝા વજલ્લા અદાઅન મુસ્તક બેલલ કાબતિલ હરામે અલ્લાહો અકબર.

—: અકીકાની ઝિકર :—

જ્યારે ફરઝંદ પૈદા થાય પછી ફરઝંદના વિલાદતનાં [૭] સાતમાં દિને યા [૧૪] ચૌદમાં દિને યા [૨૧] એકવીસ માં દિને અકીકાની બકરી કાપે [કુરબાની કરે] બકરીના હરેક જીસ્મનો હિસ્સો ભાગ દુરસ્ત હોય અને ૧ વરસ કરતા કમ ઉમરની હોય નહીં. બચ્ચાંના બાલ ઉતારે તે વક્ત બકરી કાપે, હાડકા ભાગે નહી મગર જુદા કરે અને બચ્ચાના બાલ બરાબર સોના–યા ચાંદીનો સદકો કરે. અકીકો કરવું માં-બાપ ઉપર ફરઝ છે. અને ન થયો હોય તો મોટા થયા પછી પાછળથી વાલે. બકરી ઝબેહ કરતી વક્ત પાન નં ૬૪ માં આપેલી દોઆ પઢી કિબ્લા સામે સુવડાવે અને પાની પીવડાવીને ઝબ્હ કરે.

(કુરબાનીની દોઆ પાન નં. ૬૪ પર આપેલી છે, જે શખ્સ ગુઝરી ગયેલાની મગફેરત વાસ્તે ચાલીસમાં યા છમ્માસીનાં દિને કુરબાની કરે યા સદકાની કુરબાની કરે તો પણ આજ દોઆ પઢે)

આ દોઆ રાતે સુતી વકતે પઢવાથી
જ્યારે ચાહે ત્યારે ઉંઘ માંથી ઉઠી શકશે.

(બિસ્મિલ્લા હિર્રહમા નિર્રહીમ)

અલ્લાહુમ્મા લા તુમિન્ની મકરકા વલા તુન્સીની ઝિકરકા વલા તજઅલની મિનલ કૌમિલ ગાફેલીન. અકુમો ઈન્શાઅલ્લાહો તાઅલા સાઅતન કઝા વ કઝા.

❋ ગુસ્લોનું બયાન ❋

કોઈ પણ કિસ્મનો ગુસ્લ હોય, જનાબત, યાકે હૈઝ યાકે એહતેલામ; નિય્યત બગૈર જાઈઝ નથી નિય્યત બગૈર અગર દસ વાર પણ પૂરા જીસ્મને પાક કરવા ચાહે, તો પણ પાક થાય નહીં. અગર કોઇ શખ્સ ઉપર ગુસ્લ વાજીબ થાય તો પહેલે ઇન્સ્તિન્જા તેમજ વુઝુ કરે. ઔરતને બરાબર પાણીથી પાક કરે (તાકે એહતેલામ યા જનાબત થી મની (વિર્ય) નિકલું હોય તે ઔરત પરથી. સાફ થઈ જાય), પૈશાબ કરે અને પછી ગુસ્લ કરે, વુઝુ બગૈર ગુસ્લ કાફી નથી.

ગુસ્લની નિય્યત :— અલ્લાહુમ્મા ઈન્ની અગતસેલો લિલ 'જનાબતે' યાકે 'લિલ એહતેલામે', યાકે 'લિલ હૈઝે', યાકે 'લિન નફાસે' યાકે 'લિલ જેમોઅતે..... બિસમિલ્લાહે અલ્લાહો અકબર.

ગુસ્લ કરનાર પોતાના જીસ્મને પાણીથી બેવે હાથ ફેરાવીને બરાબર ધોઇ, કોઈ જગાએ નજાસત (નાપાકી) લાગી હોય તેને બરાબર સાફ કરે. બાલના નીચેની ચામડીને બરાબર ભીગાવે. ભૈરો હોય તો પોતાનાં બાલની વીણુ ખોલી નાંખે. હાથમાં ચૂડી,–અંગૂઠી હોય તો તેને ફિરાવે તાકે ચામડી તક પાણી પહોંચે, પોતાની છાતીઓ નીચે, ડુંટી ને અંદર અને બદનના કોઇ હિસ્સામાં અગર સલ પડી ગયા હોય તેને અંદર બરાબર પાણી પહોંચાવે ગરઝ કે ભૈરો–મરદો ઔરતને

સાથે સાથે પોતાના પૂરા જીસ્મને પાણી પહોંચાવે. અગર નિય્યત લઈ રહયા બાદ જીસ્મનો કોઈ હિસ્સો સૂકો રહી ગયો હોય તો તેને ભીગો કરી નાંખે.

અગર ગુસ્લ જનાબત કે એહતેલામનો હોય તો પહેલા પૈશાબ કરે કે જેથી મની (વિર્ય) બાકી રહી ગયું હોય તે નીકલી જાય. મરદનું પાણી (મની) બે કિસ્મનાં હોય છે. (૧) મની, (૨) મઝી.

(૧) મની ઘાટું, સફેદ બદબોદાર અને ચીકણું હોય છે. (૨) મઝી પતલું તારવાળું અને કાચ જેવું હોય છે. સપનામાં (એહતેલામમાં) યા કે બૈરોથી મિલવામાં (જનાબતમાં) અગર મઝી નિકલે તો ફકત વુઝુ અને ઔરતનું ધોવું વાજીબ છે અને અગર મની નિકલે તો વુઝુ અને ગુસ્લ બેવે વાજીબ છે. અગર કોઇ સબબ થી ગુસ્લ કરતા પહેલા વુઝુ ભૂલી જાય, અને ગુસ્લ કીધા બાદ યાદ આવે, તો તે પછી પણ વુઝુ કરવું કિફાયત થાસે.

જનાબત બે કિસ્મના છે. એક બૈરોને મિલવાથી અને બીજી બૈરોને મિલા બગૈર. બૈરોને મિલવાથી મની નિકલે તો ગુસ્લ કરવું વાજીબ છે. અગર બેદારીની હાલતમાં યા કે ઉંઘમાં કોઈ મરદ બૈરોને જોઇ અને (બૈરોને મિલવા વગર) મની નિકલે તો પણ ગુસ્લ કરવું વાજીબ છે. અને અગર મની ન નિકળે અને મઝી જ નિકળે તો ફકત ઔરતને ધોઇને વુઝુ કરી લે. કોઇ શખ્સ

બૈરોથી ઔરતમાં મુલાકાત કરે અને અગર મરદની ઝકર (ઔરત)નું માથું બૈરોના ફરજ (ઔરત)માં ગાયબ થઈ જાય તો બેવે મરદ-બૈરો પર ગુસ્લ કરવું વાજીબ છે. ચાહે મની નિકલે યા ન નિકલે બેવે ગુસ્લ કરે. અને કોઈ મરદ બૈરો સાથે ઔરત બગૈર હમ બિસ્તર થાય તો ફકત વુઝુ કરી લે, ગુસ્લ વાજીબ નથી.

બૈરો અને મરદો પર વાજીબ છે કે અગર તેઓને એહતેલામ થાય યા કે જનાબતદાર થયા હોય તો ફજર પડતા પહેલા ગુસ્લ બોલે. ગુસ્લ બોલ્યા બગૈર કોઇ ચીજ જમે યા પીયે નહીં. અગર મરદ બીજી વકત જનાબતનો (બૈરોથી મિલવાનો) શૌક રાખતો હોય તો તે એકજ ગુસ્લ બોલે.

ગુસ્લ બે કિસ્મના છે. ફર્ઝનાં અને સુન્નતનાં

ફર્ઝનાં ગુસ્લ :- (૧) જનાબત (૨) એહતેલામ (૩) હૈઝ (૪) નફાસ (સુવાવડ) (૫) કાફિર મુસલમાન થાય (૬) પાગલ શખ્સ હુશ્યાર થાય (૭) જનાઝા (મૈયત) (૮) બદન નજાસતથી આલુદહ થાય.

સુન્નતનાં ગુસ્લ :- (૧) યૌમુલ જોમોઆ (૨) ઈદુલ અઝહા (૩) ઇદુલ ફિત્ર (૪) એહરામ (૫) કઅબતુલ્લાહમાં દાખલી (૬) મદીનામાં દાખલી. (૭) યૌમે અરફહ (૮) મૈયતને નવરાવનારનો ગુસ્લ. (૯) રમઝાનની ૧૭, ૧૯, ૨૧, ૨૩ તારીખો વગૈયરહ.

* મસ્બૂકની નમાઝનું બયાન *

(ઈમામતની નમાઝમાં પાછલ રહેવાનું બયાન)

(બિસ્મિલ્લા હિર્રહમા નિર્રહીમ)

જે શખ્સ કે ફરઝની ચાર રકઅતની ઈમામતની નમાઝમાં દાખિલ થાય અને ઈમામ એક રકઅત પઢી ચુકા હોય તો યે શખ્સ ઈમામ સાથે બીજી રકઅતમાં ઉભો રહે. બીજી રકઅતનાં રૂકુઅમાંથી ઈમામનું માથું ઉંચુ થતા પહેલા તે નમાઝમાં શામિલ થઈ જાય તો જે વકત સફવાલા બીજી રકઅત પછી તશહહુદ વાસ્તે બેસે તો તે કરારીય્યતથી બેસે નહીં. સફવાલા તશહહુદ પછી તીસરી રકઅત વાસ્તે ઉભા થાય તો તેની બીજી રકઅત શુરૂ થાસે તીસરી રકઅત માંથી સફવાલા ઉભા થાય તો તે બેસીને હદકો તશહહુદ પઢે અને સગલા રૂકુઅ ન દે એ પહેલા તે ઉભો થઈ જાય અને ચોથી રકઅત પઢા પછી સલા બેસે તો તે કરારીય્યતથી ન બેસી ઈમામ સલામ વાલે કે તરત ઉભો થઈ જાય અને બાકીની એક રકઅત પઢીને સલામ વાલે.

અગર કોઈ શખ્સ મગરિબનાં ફરઝની એક રકઅત બાદ આવે તો બીજી રકઅતમાં ઈમામ બેસે તે વકત યે શખ્સ કરારથી બેસે નહીં. તે બાદ ઇમામ તીસરી રકઅતમાં ઉઠે, તો તે રકઅત આ શખ્સની બીજી કહેવાસે. ઈમામ મોટા તશહહુદ વાસ્તે બેસે તે વકત તે નાનો તશહહુદ પઢે અને ઇમામ સલામ વાલે તો તે ઉઠી જાય. અને તીસરી રકઅત તમામ કરે.

અગર ઈમામ ચાર (૪) રકઅત ફરઝની નમાઝમાં બે રકઅત પઢી ચુકા હોય અને કોઇ શખ્સ પાછલથી આવે તો ઇમામની બાકીની બે રકઅત તેનાં ફરઝની પં લી બે રકઅત ગિનાશે. ઈમામ મોટો તશહહુદ પઢે તો તે નાનો પઢે અને સલામ વાલા બગૈર ઉઠી જઈ બાકીની બે રકઅત તમામ કરે.

પાછલથી આવનાર એવા વકત પર આવે કે જે વકત ઈમામે પહેલી રકઅતનાં રૂકુઅમાંથી માથુ ઉચું કીધું નથી તો તે શખ્સની નમાઝ તમામ થાસે, પણ અગર રૂકુઅમાંથી માથું ઉંચુ કરી દીધું હોય તો પાછલથી આવનારની એ રકાઅત ગિનાસે નહીં તેથી તેને સફવાલા કરતા એક રકઅત વધારે પઢવી પડશે.

પાછળથી આવનાર એવા વકત પર આવો કે ઈમામ રૂકુઅમાં છે તો તે જહદીથી નમાઝની નિય્યત પછીનો એહરામનો તકબીરો અને રૂકુઅમાં જવાનો એહરામનો તકબીરો બોલે. અગર આ તકબીરાઓ બોલવાથી રૂકુઅનો વકત જાતો રહેતો હોય અને ઈમામ રૂકુઅ–માંથી માથું ઉંચુ કરશે એવો ખોફ હોય તો ફકત હાથ ઉંચા કરી એહરામનો એક જ તકબીરો બોલીને નમાઝમાં દાખિલ થઇ જાય.

પાછલથી આવનાર શખ્સ એક રકઅત પઢાયા બાદ નમાઝમાં દાખિલ થયો અને તેએ સફવાલાના મોટા તશહહુદ પછી સલામ વાલી લીધો અને તેની બાકીની એક રકઅત પઢવાનું ભૂલી ગયો તો તે ઉભો થઈ જાય અને એક રકઅત તમામ કરી તશહહુદ પઢી સલામ વાલે.

સેહવ (નમાઝમાં ભુલ)નું બયાન

નમાઝ પઢવામાં યાકે નમાઝનાં અરકાન અદા કરવામાં ભૂલ થાય તેને સેહવ કહે છે. **સેહવનો** અમલ આ મુજબ છે.

(૧) અગર નમાઝી તકબીરતુલ એહરામ (હાથ ઉંચા કરીને "**અલ્લાહો અકબર**" બોલવાનું અમલ.) ભૂલી જાય તો તે નમાઝ પાછી વાલે.

(૨) રૂકુઅ દીધો છે કે નહીં એમ શક હોય તો નમાઝ બાદ **સેહવનાં** બે સજદહ કરે.

(૩) એક રકઅત પઢી યા બે રકઅત – એમાં શક હોય અને અગર બેસીને તશહહુદ પઢતો હોય અને યાદ આવે તો **તશહહુદને** વાસ્તે બેસવું બે રકઅત પઢાની નિશાની છે. પણ અગર એકજ રકઅત પઢી છે અને બેસી ગયો છે· ઇમજ **યકીન થાય** તો ઉઠીને બીજી રકઅત પઢે. અગર બેસી ન ગયો હોય અને ઉભો થાય તો યકીન પર અમલ કરે અને બીજી રકાઅત પઢે. બેવે હાલતમાં સેહવના બે સજદહ કરે.

(૪) બે રકઅત પઢી છે યા ત્રણ રકઅત એમ શક આવે તો યકીન પર અમલ કરે અને સેહવના બે સજદહ કરે.

(૫) ત્રણ રકઅત પઢી છે યા ચાર રકઅત એમ શક આવે તો સલામ વાલા બાદ બેસીને (જુલુસ પઢે છે તે મુજબ) બે રકઅત પઢે. અગર ત્રણ રકઅત પઢી

હશે તો આ જુલુસની બે રકઅત એક ગિનાસે એટલે ચાર પૂરી થાસે. અગર ચાર રકઅત તમામ કરી હસે તો આ જુલુસની બે રકઅત નાફિલમાં શુમાર થાસે. એમા બે સેહવનાં સજદહ કરે.

(૬) બે રકઅત પઢી છે યા ચાર રકઅત એમ શક થાય તો સલામ વાલીને બે રકઅત નમાઝ પઢે. અગર તેની બે રકઅત બાકી હશે તો બીજી બે રકઅતથી ચાર પૂરી થાસે. પણ અગર તેએ ચાર રકઅત પઢી હશે તો બાકીની રકઅત નાફિલમાં ગિનાશે. આ સુરત માં પણ સેહવના બે સજદહ કરે.

(૭) અગર નમાઝમાં રૂકુઅ ભૂલીને સજદહમાં જ ચાલો જાય તો તમામ નમાઝ પાછી વાલે.

(૮) સજદહ એક દીધો છે યા બે એમ શક હોય તો નમાઝ બાદ સેહવના બે સજદહ કરે.

(૯) તશહહુદ (મોટા યા નાનો તહય્યાત) ભૂલી જાય યા શક આવે તો સેહવના બે સજદહ કરે.

(૧૦) અગર સલામ બોલ્યા વગર જ નમાઝમાંથી મોં ફેરવી લીધું હોય અને "અસ્સલામો અલયકા અય્યોહન નબીય્યો વ રહમતુલ્લાહે વ બરકાતોહુ, અસ્સલામો અલયના વઅલા એબાદિલ્લાહિસ સાલેહીન" પઢ્યા હોય તો તે કિફાયત છે.

(૧૧) જે શખ્સે નમાઝની કોઈ કિરાત (સુરતો પઢવામાં) માં સેહવ કીધું હોય તો બાકીની નમાઝની કિરાત એને ફિક્રાયત કરશે. અગર તેએ રૂકુઅ, સુજુદ તકબીરહ અને તશહ્હુદ બરાબર અદા કીધા હશે અને કિરાત ભૂલી ગયો હશે તો નમાઝ સાબિત છે, વાલે નહીં. પણ અગર તે એ જાણી જોઇને કિરાત મૂકી હશે તો નમાઝ વાલવી પડશે.

(૧૨) પહેલો (નાનો) તશહ્હુદ ભૂલી ગયો હોય અને તીસરી રકઅતનો રૂકુઅ દેતા પહેલા યાદ આવે તો બેસી જાય અને તશહ્હુદ પઢે. બાદમાં બે સેહવનાં સજદહ કરે. પણ અગર તશહ્હુદ નથી પઢો અને રૂકુઅ દીધા બાદ યાદ આવે તો પાછો બેસે નહીં. નમાઝ તમામ કરે અને સેહવના બે સજદહ કરે.

(૧૩) અગર બે રકઅત પઢા બાદજ સલામ વાલી દે તો બાંજી બાકીની બે રકઅત તમામ કરે અને સેહવનાં બે સજદહ કરે.

(૧૪) કોઈ વકત ભૂલથી નમાઝમાં વધારો થઈ જાય છે. અગર નમાઝી ચોથી રકઅતમાં બેસીને તશહ્હુદ પઢો હોય અને ભૂલથી સલામ ન વાલે અને ઉઠી જાય તો એની નમાઝ તમામ ગિનવામાં આવશે. તે પાછો બેસીને સલામ વાલે અને સેહવનાં બે સજદહ કરે. અને અગર ચોથી રકઅતનાં તશહ્હુદમાં બેસોજ ના હોય તો નમાઝ પાછી વાલે.

બઅઝ વકત ઇમિ બને છે કે નમાઝી ભૂલ તો કરે છે પણ તેને ખબર નથી હોતી કે નમાઝમાં કમી-કુસુર શું છે? આ સુરતે હાલમાં તે સેહવનાં બે સજદહ કરે. નમાઝમાં કોઈ શક પૈદા થાય, હવે તે ચીઝથી નમાઝી આગલ નિકલી ચૂકેલો છે, મતલબ કે રૂકુઅ દીધા બાદ તકબીરનો શક આવતો હોય, સજદહ કીધા બાદ રૂકુઅનો શક આવતો હોય સલામ વાલા બાદ કોઈ બીજો શક આવતો હોય, તો નમાઝ વાલે નહીં. ઉપર બયાન કીધા મુજબ અમલ કરે. જહાં તક શક યકીનમાં ના પલટાય વહાં તક સેહવના સજદહ કરે નહીં.

અગર કોઈ શખ્સ ને ખબર ન હોય કે તે એ ફરઝની નમાઝ પઢી છે યા નાફિલની, તો પહેલા તે યકીન કરે કે કઈ નમાઝ પઢવાનો મકસદ રાખતો હતો. અગર તે ફરઝની નમાઝ વાસ્તે ઉઠો હોય અને નાફિલત પઢી છે ઇમિ ગુમાન થાય તો પહેલી નિય્યત સહી છે. એમાં સેહવથી કોઈ નુકસાન થતું નથી અને સજદહ કરવાની ઝરૂરત નથી. – અને અગર કોઈ નમાઝમાં ઘણી વકત સેહવ–ભૂલ થાય તો બેજ સજદહ કાફી છે.

– અગર ઉતરતી સુરતોને બદલે ચઢતી અને ચઢતીને બદલે ઉતરતી સુરતો પઢી હોય તો એમાં સેહવનાં સજદહ નથી.

– મોટા તશહ્હુદને બદલે નાનો અને નાના ને બદલે મોટો તશહ્હુદ પઢાઈ ગયો હોય એમાં પણ સેહવના સજદહનો હુકમ આવો નથી.

– અગર ઇમામ પાછળ નમાઝ પઢતો હોય અને નિય્યતમાં 'મોઅતમ્મન બિહ ઇમામે' લફ્ઝ બોલતાં ભૂલી જઈ નમાઝમાં દાખિલ થયો પછી યાદ આવે, પણ પહેલા ઇમામ પાછળ નમાઝ પઢવાની દિલમાં નિય્યત હોય તો એની નમાઝ તમામ છે, સેહવમાં શુમાર થાતી નથી. એજ મુજબ કોઇ શખ્સે વુઝુમાં, નમાઝમાં અને રોઝામાં દિલથી નિય્યત કીધી હોય પણ મોંહથી નિય્યતનાં લફ્ઝ બોલતાં ભૂલી ગયો હોય તો તેમા તેના અમલનો પૂરો અજ્ર મિલસે.

કોઇ શખ્સ ફરઝની નમાઝમાં પાછળથી આવો અને ઇમામ સાથે નમાઝમાં એક રકઅત પાછળથી દાખિલ થયો, અને આખિરમાં એક રકઅત જે તેને એકલાને પઢવાની છે એમા ભૂલ થઇ તો પણ સેહવના બે સજદહ લાઝિમ થાય. પણ અગર ઇમામ સાથે વક્તસર નમાઝમાં શામલ થયો હોય અને ભુલ કરે તો ઇમામની નમાઝથી એની નમાઝ દુરસ્ત થાય. એને સેહવના બે સજદહ કરવાની ઝરૂરત નથી.

ઇમામ લોગોને નમાઝ પઢાવતા હોય અને એક સુરતમાં ભુલ જાય અને અટકી જાય તો બીજી સુરત પઢી લે એમાં સેહવ નથી. પણ અગર ઇમામ અટકી ગયા હોય અને આગળ શું પઢવું તો સમઝમાં ન આવતું હોય તો ઇમામને પાછળ ચઢનાર શખ્સ તેની છુટેલી સુરતને મેલવી આપે. દિલમાં એમ ન લાવે કે તે એ ઇમામની ભુલ નિકાલી, અગર એમ હશે તો તેની નમાઝ ફાસિદ થાસે.

* નમાઝમાં ખલલનું બયાન *

એક શખ્સ નમાઝ પઢતો હોય તો એવો અમર બને કે કોઇ દેહશત તારી થાય અને તેને સંભાલવું ઝરૂરી થઇ જાય જેવું કે નાનું બચ્ચું આગ યા શેાઅલા તરફ જતું હોય, ઘરમાં જાનવર આવીને શરારત કરતું હોય અને ઘરનાં સામાનને નુકસાન પહોંચવાનો ખૌફ લાગતો હોય, યા કોઇ વેહશતનાક જાનવર જેવું કે સાંફ-વગેરે નિકલું હોય જેથી જાનને ખતરો હોય, યા કે ચિંગારી લાગીને આગની સૂરતમાં તબદ્દીલ થઈ હોય. તો આ સરવે હાલતોમાં નમાઝ કતઅ (તોડી નાખવામાં) કરવામાં કોઇ હરજ નથી. અગર આ ખતરો કિબલાથી નિગાહ હટાવા બગૈર ટલી જાતો હોય તો પહેલે તે કોશિશ કરે.

જે શખ્સ નમાઝ પઢતો હોય અને તે મસલ્લા પર હોય, એટલે કે નમાઝની જગાની હદ હોય તો તેની આસ પાસ અગર જાનવર યા બીજી ચીઝ હરકત કરે યા નાનું બચ્ચું તેને સામેથી તેની નિગાહને ખલલ પહોંચાવવા બગૈર આવ-જાવ કરે તો તેની નમાઝ કતઅ થતી નથી. પણ બને એટલો પરહેઝ કરે અને ખલ્લ પહોંચાડે નહીં.



કુર્આન શરીફમાં સજદાઓનું બયાન

('દઆએમુલ ઇસ્લામ' કિતાબ માંથી)

કુર્આન શરીફમાં પંદર મકામોમાં (સ્થાનોએ) સજદાઓની ઝિકર છે. (૧) સૂરએ અઅરાફ (૨) સૂરએ રઅદ (૩) સૂરએ નહલ (૪) સૂરએ બની ઇસરાઇલ (૫) સૂરએ કાફ હા. યા. ઐન સ્વાદ (૬) સૂરએ હજ (૭) સૂરએ હજર (૮) સૂરએ કુર્કાન (૯) સૂરએ નમલ (૧૦) હા-મિમ અસ્સજદહ (૧૧) સૂરએ સ્વાદ (૧૨) અલેફ-લામ-મીમ અસ્સજદહ (૧૩) સૂરએ નજમ (૧૪) સૂરએ ઇન્શિકાક (૧૫) સૂરએ અલ અલક.

ઇમામ બાકિર (અ.સ.) થી રિવાયત છે કે આપે ફરમાવ્યું છે કે કુર્આન શરીફમાં ચાર જગાઓ એવી છે કે તે જગા પર સજદો કરવું લાઝિમ છે. (૧) અલિફ-લામ-મિમ, તન્ઝીલ અસસજદાહ (૨) હા-મીમ અસ્સજદહ (૩) સૂરએ નજમ (૪) સૂરએ અલ અલક. બાકીની જગાઓ પર સજદો કરો કે ન કરો. છુટછાટ આપેલી છે.

ઇમામ બાકિર (અ.સ.) ફરમાવે છે કે ઇમામ ઝેનુલ આબેદીન (અ.સ.) સજદાની આયતો પર સજદો કરવાનું પસંદ કરતા હતા.

ઇમામ જાઅફરૂસ સાદિક (અ.સ.) થી નકલ છે કે આપ ફરમાવે છે કે જેણે સજદાની આયત પઢી યા કોઈ કારીના મોંહથી પઢતાં સાંભલી તે સજદો કરે. જો કોઈ ફર્ઝ નમાઝ પઢી રહ્યો હોય અને ઇમામના સિવાય બીજા કોઈથી સજદાની આયત સાંભલે તો પોતાના માથાથી ઇશારો કરે અને જો પોતે ઇમામ હોય અને નમાઝની હાલતમાં સજદાની આયત પઢે તો સજદો કરે અને બીજા લોકો પણ એની સાથે સજદો કરે. પણ ઇમામને વાસ્તે એ ઝરૂરી નથી કે ઉતરીને કરી ફર્ઝની નમાઝમાં સજદાની આયત પઢે આપે એવું પણ ફરમાવ્યું છે કે, કોઇ શખ્સ કોઇ પણ વકતે સજદાની આયત પઢે યા કોઇથી સાંભલે તો એને જોઇએ કે તે સજદો કરે. ભલેને તે એવો વકત હોય કે જેમાં નમાઝ પઢવી જાઇઝ નથી છતાં પણ સજદો કરે. સૂરજ ઉગતો હોય કે ગુરૂબ થતો હોય એવા વકતે પણ સજદો કરે અને જો પાક સાફ ન હોય તો પણ સજદો કરે. અને જ્યારે કોઈ સજદો કરે તો અલ્લાહો અકબર ન કહે અને ન તો ઉઠતી વકતે સલામ ફેરવે. એમાં સજદાના સિવાય કંઈ બીજુ વાજિબ નથી. પણ જેટલી બને એટલી સજદામાં તસ્બીહ કે દોઆ પઢે. આપે ફરમાવ્યું છે કે જ્યારે મુસલ્લી સજદાની આયત પઢે તો તરત નીચે ઢલી સજદો કરે. પછી ઉભો

થઇ જ્યાંથી નમાઝ છોડી હોય ત્યાંથી પૂરી કરે, અને જો સજદાની આયત સૂરઅની આખિરમાં હોય તો પહેલાં સજદો કરે પછી ઉઠી સૂરએ ફાતેહા પઢે અને રૂકુઅ અને સજદો કરે.

ઇમામ બાકિર (અ.સ)થી નકલ છે કે, આપે ફરમાવ્યું છે કે, જ્યારે તમે બેઠા હોય અને સજદાની આયત પઢો તો કિબ્લા તરફ મોંહ કરી સજદો કરો. અને જ્યારે કે ઘોડા ઉપર સવાર હોય અને પઢે તો જે જાનિબ તમારૂં મોંહ હોય સજદો કરો કેમકે રસૂલે કરીમ (સ.અ.વ.) જ્યારે મક્કાથી પાછા ફરતાં અને મદીના તરફ જતા તો આપ પોતાની સવારી ઉપર જ નાફિલની નમાઝ પઢતા હતા. અને એ જ મુજબ ખુદાવંદે કરીમનો ઇર્શાદ છે.

ફ–અયનમા તવલ્લુ ફસમ્મ વજહુલ્લાહ.

માઅના : જે તરફ પણ તમો મોંહ ફેરવો અલ્લાહ સામેજ છે. (પ્ર. ૨ આ. ૧૧૫)

ફઝીલતે ઇલ્મ

ખઝાનું ઇલ્મનું મુશ્કિલ કુશાની ઇતરત છે,
તલબ. જે એનુ ઇલમ કરસે તેને જન્નત છે.

ઇલિમ જે પઢસે તો હામી તેના પયમ્બર છે,
ઇલિમ જો નથી તો હયવાનને બરાબર છે.

ઇલિમથી મુઅમેનોના સીના થાય છે રોશન,
ઇલિમથી હશ્રમાં મિલસે રસુલના દામન.

ઇલિમથી ચાલે છે ઇન્સાન નેક સીરત પર,
કમર કસે છે ઇલિમથી ખુદાની તાઅત પર.

ખુદાને ઓલખે આલિમ અને પયમ્બરને,
નમાઝો, રોઝાને, બદ–નેક, ખૈરને, શરને.

ઇલિમથી ઓલખે દાઇ અને ઇમામોને,
ઇલમના પઢવાથી કાબિલ થયા સલામોને.

હરામ જાને ઇલમથી હલાલને સમઝે,
ખુદાને જાને પયમ્બરની આલને સમઝે.

તમીઝ પાકની નાપાકની ઇલમથી છે,
ઇલિમનું પઢવું તે અલ્લાહના કરમથી છે.

ખુદાનું ફઝલ હશે તે ઈલ્મ તલબ કરશે,
ઇલ્મ જે પઢશે તે માં-બાપની અદબ કરશે.

અતા કરે છે ખુદા આલીમોને સરદારી,
ઇલ્મ જે નથી તો એવે જહાંમાં છે ખ્વારી.

ઈલ્મના પઢવાથી આવે છે અકલમાં તેઝી,
